Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૫૩ મું | ચૈત્ર | અંક ૧ લો
વિ. સં. ૧૯૯૩ | | વીર સં. ૨૪૬૩

## નૂતન વર્ષે પુષ્પાંજલિ

આ 'જૈન ધર્મ પ્રકાશ' વાંચી હિત બોલો શું કર્યું ?,
ને પાપથી નિર્મુક્ત થઇને પુન્ય બોલો શું કર્યું ?;
સંસારની ઉપાધિઓ ઓછી કરી કે ના કરી ?,
આ પુષ્પમાળા નવીન વર્ષે લ્યો તમે કંઠે ધરી. ૧

કરી ક્રોધ મનથી ત્યાગ ને સમતા ધરી કે ના ધરી ?,
ને માનનો કરી ત્યાગ ને નિર્માનતા શું આદરી ?;
માયા કરીને ત્યાગ શું શું સરળતા હૃદયે ધરી ?,
આ નવીન વર્ષે લોભનો કરી ત્યાગ લ્યો મુક્તિ વરી. ૨

પ્રશ્નોત્તરો વાંચી અને જ્ઞાની બન્યા કે ના બન્યા ?,
મૌક્તિકના લેખોવડે વ્યવહારકુશળ શું બન્યા ?;
ને અન્ય લેખોથી કહો શું ત્યાગની સૌરભ ભરી ?,
આ નવીન વર્ષે આ બધા વિચાર લ્યો હૃદયે ધરી. ૩

શ્રી વીરપ્રભુના માર્ગમાં શા શા કહો પગલાં ભર્યાં ?,
ને લોકહિતના કામ અદ્યાપિ કહો શા શા કર્યાં ?;
વાંચી 'પ્રકાશ' અને હૃદયમાં શું પ્રકાશ તમે કર્યો ?,
આ નવીન વર્ષે **શ્યામ** જીવનમાં ખરી શાંતિ વરો. ૪

માસ્તર શામજી હેમચંદ દેશાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ

( પાસ શંખેશ્વરા, સાર કર સેવકા, દેવ કાં એવડી વાર લાગે ? એ દેશી. )

લબ્ધિભંડાર ગુણવંત ગુરુ ગાજતો, ગૌતમસ્વામી ! ભવપાર કીજે;
ઉદય કર માહરો સેવક તાહરો, જાણીને એટલું સુજસ લીજે. લબ્ધિ૦ ૧
કામધેનુ[1] અને [2]સુરતરુ [3]સુરમણિ, તાહરા નામમાં આવી પેઠા;
કામકુંભાદિક[4] મનોરથપૂરક, તે પણ તુજથી હોય [5]હેઠા. લબ્ધિ૦ ૨
ગૌતમગુણનિધિ બુદ્ધિનો [6]જલનિધિ, તાહરા નામમાં ઋદ્ધિ સિદ્ધિ;
પદે પદે શાસ્ત્રમાં નામ તુજ સમરતાં, દુઃખદારિદ્રતા દૂર કીધી. લબ્ધિ૦ ૩
પટ્ટધર પ્રથમ તું દેવ મહાવીરનો, પ્રશ્ન પૂછ્યા ઘણા થઈ ઉમંગી;
પદઅનુસારિણી લબ્ધિ બુદ્ધિબળે, [7]ત્રિપદીથી રચી [8]દ્વાદશાંગી. લબ્ધિ૦ ૪
ચૌદ પૂરવ રચ્યા મુહૂર્ત્તની અંદરે, મહા ઉપકારનું કાર્ય કીધું;
લોક અનેકને ધર્મ સન્મુખ કરી, દીધું તેં [9]શિવપુર દ્વાર સીધું. લબ્ધિ૦ ૫
શક્તિ અલૌકિક ગૌતમ ! તાહરી, અનુપમ ગુણ તુજ આવી જામ્યા;
તાહરા હાથથી દીક્ષિતો જે થયા, તે પણ કલેશનો પાર પામ્યા. લબ્ધિ૦ ૬
પંદર [10]શત પ્રતિબૂઝવી તાપસો, [11]અદ્રિ અષ્ટાપદે [12]બિંબ વંદી;
શાલ મહાશાલ ગાંગિક નૃપ આદિને, [13]કેવળભાક્ કર્યા તેં આનંદી. લબ્ધિ૦ ૭
ગર્વ જે તાહરો બોધ માટે થયો, રાગ ગુરુભક્તિ નિમિત્ત થાતો;
ખેદ પણ કેવળનાણ નિમિત્ત બન્યો, જગત આશ્ચર્ય તુજ રીતભાતો. લબ્ધિ૦ ૮
ગણપતિ–ગચ્છપતિ તેમ ગણેશ કે, ગૌતમ નામ [14]પર્યાય શબ્દા;
ષટ્ ઋતુ [15]અયન બે દ્વાદશ માસ ને, ત્રણ શત સાઠ દિન જેમ [16]અબ્દા. લબ્ધિ૦૯
મંગળિક સર્વમાં ગૌતમ ! તાહરું, નામ છે આદિ કલ્યાણકર્તા;
ગૌતમ નામનો જાપ જપતાં થકાં, નિશ્ચય વિશ્વમાં વિઘ્નહર્તા. લબ્ધિ૦ ૧૦
પ્રણવની[17] સાથે હ્રીઁકાર પદ જોડીને, સદ્ગુરુ ગૌતમ નામ લીજે;
પ્રસન્ન ચિત્તે કરી નીતિને ઉર ધરી, [18]અઘ હરી ભાગ્યનો ઉદય કીજે. લબ્ધિ૦ ૧૧

**પં. ઉદયવિજય**

---

૧ કામધેનુ ગાય. ૨ કલ્પવૃક્ષ. ૩ ચિંતામણિ રત્ન, ૪ કામઘટ તથા દક્ષિણાવર્ત શંખ. ૫ ઉતરતા. ૬ દરિયો. ૭ ઉત્પાદ-વ્યય-ધ્રુવ. ૮ બાર અંગ. ૯ મોક્ષ. ૧૦ પંદર સો. ૧૧ પર્વત. ૧૨ જિનપ્રતિમા. ૧૩ કેવળ ભજનારા. ૧૪ એકના અનેક નામ. ૧૫ ૭ માસનું એક અયન. ૧૬ વર્ષના. ૧૭ ૐકાર. ૧૮ પાપને દૂર કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીર સ્તોત્ર

## સ્વાગતા વૃત્ત

સર્વ મંગળનું મંગળધામ, સર્વ શ્રેયતણું નિર્મળ ઠામ;
સર્વ શિલ્પ સુકળા કુળધામ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૧

જેહના સુગુણ કીર્ત્તનમાંહિ, શક્તિ વાગધીશની પણ નાંહિ;
ધૃષ્ટતા તહિં પ્રવર્ત્તન આમ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૨

પુણ્યશ્લોક પ્રભુ નામ સ્મરંતા, પ્રેરણા–પીયૂષ લોક લહંતા;
સંસ્તવે સ્વ પ્રગટે ગુણગ્રામ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૩

ચંડ ભાનુ કર તાપથી ત્રાસી, પદ્મવાસિની સ્વસદ્મથી નાશી;
પામી જ્યાં અભય આશ્રય ઠામ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૪

જન્મસાગર નિમગ્ન જીવોને, મોહ–પંક થકી ઉદ્ધરવાને;
રશ્મિજાળ જસ રજ્જુ સમાન, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૫

સર્વ જીવ કરું શાસનરક્ત, ભાવના મન ધરી સુપ્રશસ્ત;
કર્મ સંચિત કર્યું જિન નામ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૬

સંગમાદિકના સહી ઉપસર્ગ, ને મહા સહી પરીષહ વર્ગ;
વીરતા પરમ દર્શિત આમ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૭

ચંડકોશિક સમો ક્રૂર પ્રાણી, ઉદ્ધર્યો જ કરુણા રસ આણી;
શત્રુ મિત્ર સમદર્શી તમામ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૮

જેહના પદ હરાદિક ચુંબે, જેહ પાસ દીનતા અવલંબે;
તે જીત્યો સુભટ ઉદ્ભટ કામ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૯

બુદ્ધમાં પરમ જેહ પ્રબુદ્ધ, શુદ્ધમાં પરમ જેહ વિશુદ્ધ;
વીરમાં પરમ વીર સુનામ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૧૦

કર્મ ચોરતણું સૈન્ય હરાવી, ધર્મરાજની ધજા ફરકાવી;
જેનું સાર્થક મહાવીર નામ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૧૧

અજ્ઞ લોકકૃત યજ્ઞ નિવારી, ભાવયજ્ઞ વિધિ શુદ્ધ પ્રચારી;
કર્મ–ઇંધનતણો કીધ હોમ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૧૨

પ્રાતિહાર્યથી ન માત્ર મહત્ત્વ, ભાવઋદ્ધિથી જ જેનું પરત્વ;
આપ્ત રાગહીન કારણ આમ, તે શ્રી વીર પદ–પદ્મ પ્રણામ. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એમાં શો અફસોસ ?

દોહરા

કર્યાં બહુ કુકર્મને, દેવો અન્ય શું દોષ ?
ભોગવવું ઉદયે કરી, એમાં શો અફસોસ ? ૧
જીવો બહુ સંતાપીયા, આણી અંતરે રોષ;
દુઃખ આવે દિનહીન થવું, એમાં શો અફસોસ ? ૨
જ્ઞાની વચન ન માનીયા, વૈભવ સુખ સંતોષ;
દુઃખમાં ધરવી દિલગીરી, એમાં શો અફસોસ ? ૩
અધિકાર પામ્યા પછી, કર્યાં હુકમ બહુ જોસ;
અકાર ઊડતાં જે મળે, એમાં શો અફસોસ ? ૪
મોટાઈ માની મનથકી, ગુણ કીર્ત્તિ નહીં ઘોષ;
ઉદાસીન ફરવું પડે, એમાં શો અફસોસ ? ૫
શક્તિ નહીં નિજ દેહમાં, ચાલે કોશ બે કોશ;
લોથ પોથ ગબડી પડે, એમાં શો અફસોસ ? ૬
ભોજનમાં ભલી ભાતથી, રસનાને દીધે પોષ;
અકળાઇ રોગી બને, એમાં શો અફસોસ ? ૭
દેવું કર્યું બહુ મોજમાં, હૃદય ધરી સંતોષ;
લેણદાર નિતનિત લડે, એમાં શો અફસોસ ? ૮
'જરા' માટે નવી સંચીયું, જુવાનીમાં ધરી હોંશ;
પરાધીનતા શોચવી, એમાં શો અફસોસ ? ૯
આજ થયું તે આપણું, કાળ કાલને ખાય;
અલ્પ મતિ કર્પૂર કહે, ચેતી લ્યો ચિત્તમાંય. ૧૦

**કપૂરચંદ ઠાકરશી શાહ**

---

ભવ્ય પદ્મ ગણને વિકસાવી, બોધ અબ્ધિ લહરી ઉલસાવી;
વિશ્વદ્યોતક શશિ જિન નામ, તે શ્રી વીર પદ-પદ્મ પ્રણામ. ૧૪
જૈન ધર્મ સુપ્રકાશ પ્રસારી, મોહનું તિમિર ગાઢ વિદારી;
દીપ્ત જેહ રવિ ભારત-વ્યોમ, તે શ્રી વીર પદ-પદ્મ પ્રણામ. ૧૫
સૌ વિભાવિક ત્યજી પરિણામ, સ્વ સ્વભાવલીન જે પરમાત્મ;
પ્રાપ્ત સિદ્ધિ **મનનંદન** ઠામ, તે શ્રી વીર પદ-પદ્મ પ્રણામ. ૧૬

**ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવું વર્ષ

પરમાત્માની કૃપાથી આ માસિક આજે ૫૩ મા વર્ષમાં પ્રવેશ કરે છે. તેની પ્રકાશક સંસ્થા (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા) પણ ચાલુ વર્ષના શ્રાવણ શુદિ ૩ જે ૫૭ મા વર્ષમાં પ્રવેશ કરશે. આટલું આયુષ્ય નિર્વિઘ્નપણે વ્યતીત કરવું તે અસાધારણ પુણ્યોદયની નિશાની ગણાય. માસિક કે સંસ્થાને અંગે તેના કાર્યવાહકની પુણ્યપ્રકૃતિ ઉપર તેમજ તેની કાર્ય કરવાની શૈલી ઉપર આધાર રહે છે. આ માસિકની પદ્ધતિ પ્રારંભથી જ શાંતભાવસેવનની છે તેથી પ્રાયે નિર્વિઘ્નપણે તેની ગતિ ચાલુ રહી છે.

ગત વર્ષ ઘણે ભાગે શાંતિથી વ્યતીત થયેલ છે. પ્રતિષ્ઠા મહોત્સવો વિગેરે મહોત્સવો સારા થયા છે. માત્ર એક હકીકત ખાસ શાસનને અંગે ખટકે તેવી સંવચ્છરી પર્વની આરાધના બે પ્રકારે થઇ છે તે બની છે. અત્યારે વિદ્વાન આચાર્યો વિદ્યમાન છતાં આવી બાબતમાં એકતા સાધી શકતા નથી એ આશ્ચર્યવાળી બીના છે. નવા વર્ષ માટે અત્યારથી તેવી પરિસ્થિતિ ઊભી થયેલ છે, તો શાસનના હિતચિંતકોએ તેને માટે બનતો પ્રયાસ કરી જેમ બને તેમ એકતા કરવાની જરૂર છે. તદુપરાંત જૈન ન્યુસપેપરો પરસ્પરના વિરોધની હકીકતોથી ભરપૂર આવે છે તે પણ અનિચ્છનીય છે. કુસંપે પૂર્વે અનેક પ્રકારના અહિત કરેલ છે. કુસંપના પરિણામે આર્ત્તધ્યાનનો સંભવ છે. આર્ત્તધ્યાન અશુભ કર્મબંધનું હેતુ છે. આટલું માત્ર મધ્યસ્થ ભાવે લખ્યું છે. નવું શરૂ થયેલું ચૈત્રી વર્ષ સર્વને સુખમય તેમજ આનંદકારી નીવડો એવી પ્રાર્થના ને આંતરિક ઇચ્છા છે.

ગત વર્ષમાં આ માસિકમાં પદ્યાત્મક, ગદ્યાત્મક અને પ્રકીર્ણ એ મથાળા નીચે કુલ **૧૪૧** લેખો આવ્યા છે. તેના પેટાવિભાગ જુદા ગણતાં **૨૧૨** લેખો આવેલા છે.

પદ્ય વિભાગમાં ૪૪ લેખો છે. તે વિભાગના લેખકમાં ખાસ લેખક ભાઇ શ્રી ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા છે. તેમણે જુદા જુદા વિષય પર ૭ લેખો મોકલ્યા છે. તેની અંદર જ્ઞાનાર્ણવ ભાવનાવાળો લેખ બે અંકમાં આવેલ છે. માલેગામનિવાસી ભાઇ શ્રી બાલચંદ હીરાચંદના ૩ લેખ આવેલા છે. તેમાં વીરજન્મોત્સવનો લેખ પ્રથમનો પૂર્ણ કર્યો છે અને નૂતન વર્ષાભિનંદન તથા માતા મરુદેવાનો શોક એ બે લેખ નવા આવ્યા છે. તદુપરાંત માસ્તર પ્રેમશંકર કેવળરામના ૩, ભાઇ અમૃતલાલ ધર્મચંદના ૪, ભાઇ ચીમનલાલ જીવરાજના ૩, પરી રાયચંદ મૂળજી ચુમંગીવાળાના ૨, મુનિ પ્રેમવિમળજીના ૨ અને બાકી ૮ લેખકના ૮ લેખ છે. તેમાં મુનિવર્ગમાંથી મુનિશ્રી હિમાંશુવિજયજી, મુનિ હેતમુનિ તથા આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિના એકેક લેખ છે અને રા. રા. પ્રભાશંકર દલપત્તરામ પટ્ટણીનો 'વૃક્ષ મને પોકાર કરતું'તું' એ લેખ **શારદા** માસિકમાંથી લીધેલો છે. બાકીના ૯ લેખ લેખકના નામ વિનાના પ્રાયે સન્મિત્ર કર્પૂરવિજયજીના સંગ્રહિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગદ્ય લેખોમાં મોટો ભાગ સન્મિત્ર કર્પૂરવિજયજીનો, ભાઇ મોતીચંદ ગિરધરલાલનો ને મારો લખેલો છે. મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીના નાના મોટા ૨૦ લેખો છે. તે તમામ આત્મહિતશિક્ષાને અનુસરતા જ છે. ભાઇ મોતીચંદના ૨૮ લેખ તો વ્યવહાર કૌશલ્યના છે અને બે લેખ **આત્માવલોકન** તથા **શ્રી વીર** અને **આત્મવિશ્વાસને** લગતા છે. મારા લખેલા ૧૬ લેખો પ્રશ્નોત્તરોના છે અને બાકીના ૧૩ લેખો જુદા જુદા પ્રસંગે લખેલા શાસ્ત્રીય, નૈતિક હિતશિક્ષાવાળા તથા વર્ત્તમાન હકીકતને અનુસરતા છે. મુનિરાજ શ્રી જયંતવિજયજીના ૪ લેખો પૂર્વદેશના પ્રાચીન તીર્થોને લગતા છે. તેમાં ૫ નગરી સંબંધી હકીકત છે. સાધુમર્યાદાપટ્ટક ૩ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીએ મોકલેલા તેની ભાષામાં કાંઇક સુધારો કરીને દાખલ કરેલા છે, તે મુનિજનોએ તો ખાસ વાંચવા લાયક છે. તેમાં એક પટ્ટક ઉમેરીને ૪ સાધુમર્યાદાપટ્ટકની ખાસ જુદી બુક પણ છપાવવામાં આવી છે તે ભેટ તરીકે જ અપાય છે. ભાઇ રાજપાળ મગનલાલના લખેલા જુદા જુદા વિષય ઉપરના બાર લેખો આવેલા છે. તેમની લેખનપદ્ધતિ સારી હોવાથી વાંચવા લાયક છે. ભાઇશ્રી મોહનલાલ દીપચંદ ચોકસીના લેખો ૩ પ્રભાવિક મહાપુરુષોના ચરિત્ર સંબંધી નવીન કથાપદ્ધતિએ લખેલા આવ્યા છે. તેમાં રાજા દશાર્ણભદ્રનો બે અંકમાં, રાજર્ષિ કરકંડૂનો પાંચ અંકમાં ને પ્રસન્નચંદ્ર રાજર્ષિનો બે અંકમાં આવેલ છે. મુનિરાજ શ્રી ન્યાયવિજયજીના લખેલા ૩ લેખો જુદા જુદા વિષય પરના ખાસ વાંચવા લાયક છે. મુનિરાજ શ્રી હિમાંશુવિજયજીના બે લેખ આવેલા છે. ભાઇ છોટાલાલ હીરાચંદનો સુધાસિંધુનો લેખ થોડો થોડો પાંચ અંકમાં આવેલો છે. શ્રીયુત્ ભગવાનદાસ મનઃસુખભાઇનો સૂક્તમુક્તાવળી–સિંદૂરપ્રકરનો પદ્યાનુવાદ તથા વિવરણ સહિતનો લેખ ૪ અંકમાં આવેલો છે. માસ્તર ઝવેરચંદ છગનલાલનો સાદી શિખામણોનો લેખ બે અંકમાં આવ્યો છે. આચાર્ય શ્રી કસ્તૂરવિજયજીનો વિવેકમાળાનો લેખ ૩ અંકમાં આવ્યો છે. ભાઇ જયંતિલાલ ભાયચંદના બે લેખ, અગરચંદ નાહટાના બે લેખ, માસ્તર ખૂબચંદ કેશવલાલના બે લેખ અને મુનિરાજ શ્રી કલ્યાણવિમળજી, મુનિરાજ શ્રી દુર્લભવિજયજી, શેઠ અમીચંદ કરશનજી, રામચંદ ડી. શાહ, રા. રા. હીરાલાલ રસિકદાસ કાપડીયા અને રા. રા. જીવરાજભાઇ ઓધવજી દોશીના એકેક લેખ છે. આ વખતે અન્ય માસિકોમાંથી પણ ઉપયુક્ત લેખો લેવામાં આવ્યા છે. જેમકે **શારદા**માંથી મે. પટ્ટણી સાહેબની કવિતા, **સાહિત્ય**માંથી આપણું વિજ્ઞાન તે કાકા કાલેલકરનો લેખ; **સમયધર્મ**માંથી રજસ્વલા ધર્મનો લેખ, **પુસ્તકાલય**માંથી ધાર્મિક શિક્ષણની આવશ્યકતાનો લેખ, **કિશોર**માંથી મોગલ બાદશાહ બાબરનો હુમાયુ પરનો પત્ર, **વિશ્વવાણી**માંથી આજ ને કાલનો લેખ–એમ જુદા જુદા ઉપયોગી ગણાતા લેખો લઇને ભાત ભાતની પ્રસાદી વાચકવર્ગ સમિપે અર્પણ કરવામાં આવી છે. એમ એકંદર ૭૫ મથાળા નીચે ૧૪૦ લેખ આપવામાં આવ્યા છે.

ત્રીજા પ્રકીર્ણ લેખના મથાળા નીચે ૨૫ લેખ આપવામાં આવ્યા છે. તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાંડારકર રીસર્ચ ઇન્સ્ટીટયુટના વૉ. ૧૭ માના ભાગ ૨ જાની પહોંચને લગતો લેખ રા. રા. જીવરાજભાઇ ઓધવજી દોશીનો લખેલો છે. ત્રણ અંકમાં પુસ્તકોની પહોંચ આવી છે, બે અંકમાં રિપોર્ટોની પહોંચ આવી છે. બાકીના નાના મોટા ૨૨ લેખો મારા પોતાના પ્રસંગને અનુસરતા લખેલા છે. તેમાં પ્રારંભમાં નવા વર્ષનો લેખ તથા શ્રી આત્મારામજી જન્મશતાબ્દિ મહોત્સવનો લેખ વિસ્તૃત છે. બાકીના લેખો નાના નાના પણ ઉપયોગી છે.

એ પ્રમાણે ત્રણ હેડીંગ નીચે કુલ ૧૪૧ લેખો આપેલા છે. તેના પેટાવિભાગ જુદા ગણતાં ૨૧૨ લેખો થાય છે. આ તમામ લેખોના લેખકોનો આ પ્રસંગે આભાર માનવામાં આવે છે. અને મુનિરાજશ્રી કર્પૂરવિજયજી, મુનિરાજશ્રી હિમાંશુવિજયજી, મુનિરાજશ્રી જયંતવિજયજી અને મુનિરાજશ્રી ન્યાયવિજયજી વિગેરે મુનિરાજોને નવીન વર્ષમાં પણ સારા સારા લેખો લખી મોકલવાની વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. તેમજ ગૃહસ્થ લેખકો પૈકી ભાઇ મોતીચંદ ગિરધરલાલને, મોહનલાલ દીપચંદ ચોકસીને, ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતાને, રાજપાળ મગનલાલ વ્હોરાને, ભાઇશ્રી બાલચંદ હીરાચંદને, રા. રા. હીરાલાલ રસિકદાસ કાપડીયાને તથા અન્ય જૈન વિદ્વાનોને માસિક તરફ સુદૃષ્ટિ તેમજ સ્નેહભાવ રાખી, સારા સારા ઉપકારક લેખો લખી મોકલવાની વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

સન્મિત્ર કર્પૂરવિજયજી, ભાઇ મૌક્તિક, મોહનલાલ દીપચંદ ચોકસી, રાજપાળ મગનલાલ વ્હોરા તથા ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા તો આ માસિકને પોતાનું માની કાયમ લેખો મોકલાવ્યા જ કરે છે. તેમના લેખ વિના પ્રાયઃ એક પણ અંક ખાલી રહેતો નથી. તેવી કૃપા બીજા પણ મુનિરાજ ને ગૃહસ્થ જેઓ સારા લેખકની પંક્તિમાં ગણાય છે તેઓ રાખે એવી આ નવા વર્ષના પ્રારંભમાં આશા રાખવા સાથે પ્રાર્થના કરીએ છીએ. અન્ય માસિક વિગેરેમાંથી પણ ઉપયોગી જણાતા લેખો લઇને દાખલ કરવાની પદ્ધતિ આ વર્ષે પણ કાયમ રાખવાની છે, કારણ કે તે લેખોએ વાંચકોના દિલનું સારું આકર્ષણ કરેલું છે. પ્રશ્નોત્તરો માસિકમાં છપાયા વિનાના ઘણા પડતર રહેલા હોવાથી તે પ્રશ્નોના કરનારની વૃત્તિને અનુસરીને સાદા ને સરલ પ્રશ્નોત્તરના જેમ બે ભાગ બહાર પાડેલા છે તેમ ત્રીજો ભાગ બહાર પાડવાની પણ ઇચ્છા વર્ત્તે છે. વ્યવહાર કૌશલ્યના ગત વર્ષના બારમા અંક સુધીમાં ૮૬ લેખો આવેલા છે. તે લેખો ૧૦૦ પૂરા થયે તેની એક જુદી બુક બહાર પાડવાની પ્રેરણા પણ ઘણા બંધુઓ તરફથી થાય છે. ઉપરની બંને બુક માટે કોઈ ગૃહસ્થની પોતાના તરફથી છપાવવા ઇચ્છા થાય તો અમને પોતાની ઇચ્છા જણાવવા વિજ્ઞપ્તિ છે.

સભા તરફથી જુદા જુદા ગ્રંથો તથા નાની મોટી બુકો છપાવવાનું કામ તો શરૂ જ છે. હાલમાં બહાર પડેલ શાંતસુધારસ વિભાગ ૧ લો અને તરતમાં બહાર પડનાર તેનો જ વિભાગ બીજો ખાસ વાંચવા લાયક છે. સાધ્વીજી લાભશ્રીજીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીર એટલે કોણ ?

( મુનિ શ્રી બાલચંદ્રજી )

ॐ नमोत्थु ते महइ महावीर वद्धमाणसामिस्स ।

શ્રી મહાવીર એટલે ભારતવર્ષની શૂર, ધીર, વીર, ગંભીર, નરતનુધારી દૈવી વિભૂતિ.

શ્રી મહાવીર એટલે 'सत्यान्नास्ति परो धर्मः' એ સિદ્ધાન્તની છાપવાળી મહાન્ વિભૂતિ.

શ્રી મહાવીર એટલે જ્ઞાતકુળના દીપક, જ્ઞાતકુળના આધાર ને જ્ઞાતકુળના અગ્રણી.

શ્રી મહાવીર એટલે લોહને સુવર્ણ બનાવનાર પારસમણિ અને મનોવાંછિત પૂરનાર ચિંતામણિ.

શ્રી મહાવીર એટલે અધર્મના નાશક અને ધર્મના ( આત્મધર્મના ) સ્થાપક.

શ્રી મહાવીર એટલે પતિતપાવન અને અધમોદ્ધારક.

શ્રી મહાવીર એટલે સ્વનામધન્ય, જગદ્‌વિખ્યાત ને જગદ્‌ગુરુ.

શ્રી મહાવીર એટલે ધર્મનાયક, ધર્મસારથી, ધર્માચાર્ય ને ધર્મગુરુ.

---

પ્રેરણાથી છપાયેલ પ્રકરણરત્નસંગ્રહ પ્રકરણના અભ્યાસીને માટે ખાસ ઉપયોગી છે. બીજી પણ નાની મોટી અનેક બુકો બહાર પડી છે તે લાભ લેવા લાયક છે.

પ્રસ્તુત ૫૩ મા વર્ષ માટે માસિકને અંગે પ્રકાશક સંસ્થાની ઇચ્છા જેમ બને તેમ વધારે ઉપકારક થાય તેવા લેખો દાખલ કરવાની છે અને વિવાદાસ્પદ વિષયમાં ઊતરી કલેશની વૃદ્ધિ થાય તેવું પગલું માસિકદ્વારા ન ભરવાની ખાસ ચીવટ રાખવામાં આવેલ છે; કારણ કે આર્ત્તધ્યાનના નિમિત્ત થઇ પડે તેમજ કુસંપના બીજ વવાય તેવા લેખો મધ્યસ્થપણે લખેલા પણ ઉપકારક થતા નથી. આ હકીકત સુજ્ઞ લેખકો સ્વતઃ સમજી શકે તેમ છે. તેથી જ અમે માસિકનો આધાર ઉપર જણાવેલા સુજ્ઞ અને શાંતવૃત્તિના લેખકો ઉપર જ બહોળે ભાગે રાખેલો છે.

માસિકનું નિયમિત કદ દરેક અંકનું ૪ ફારમનું હોવાથી ૧૨ માસના ફારમ ૪૮ના પેજ ૩૮૪ થવા જોઇએ તેને બદલે સભાનો વાર્ષિક રિપોર્ટ અને વાર્ષિક અનુક્રમણાદિક ન ગણતાં ૪૪૮ પૃષ્ઠ આપવામાં આવ્યા છે. એકંદર હિસાબ ગણતાં ચારને બદલે લગભગ પાંચ ફારમ આપવામાં આવે છે.

અમારી પાસે ગદ્ય ને પદ્ય લેખોનો ભરાવો ઘણો રહેતો હોવાથી જેમના તરફથી આવેલા લેખો કે પ્રશ્નોત્તર દાખલ કરવામાં વિલંબ થાય તેને માટે તેમની ક્ષમા યાચીએ છીએ.

પરમાત્માની કૃપાથી આગામી વર્ષ પ્રજાવર્ગને અંગે સુખદાયી નીવડે, જૈન વર્ગને અંગે કુસંપને દૂર કરનાર, સંપની વૃદ્ધિ કરનાર અને શાસનની ઉન્નતિને લગતા અનેક કાર્યોને અમલમાં મૂકનાર થાય અને પ્રકાશક સંસ્થાને અંગે તેની અનેક પ્રકારની વૃદ્ધિ કરનાર થાય એમ ઇચ્છી આ પ્રાથમિક લેખ સમાપ્ત કરવામાં આવે છે.

પરમાત્મા સર્વને સદ્‌બુદ્ધિ આપો એ જ અભ્યર્થના. કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી મહાવીર એટલે સાચા નરરાજા ને સાચા ધર્મરાજા–ધર્મચક્રવર્ત્તી.
શ્રી મહાવીર એટલે ઉત્સાહમૂર્તિ, કરુણામૂર્તિ, શાન્તમૂર્તિ ને ત્યાગમૂર્તિ.
શ્રી મહાવીર એટલે '**अहिंसा परमो धर्मः**'નો સંદેશ આપનાર પયગમ્બર.
શ્રી મહાવીર એટલે ભારતને ધર્મપ્રાણબળ પૂરનાર બ્રહ્મા–તીર્થંકર.
શ્રી મહાવીર એટલે ગરીબના બેલી ને નિરાધારના આધાર.
શ્રી મહાવીર એટલે જૈન શાસનદીપક ને જગતદિવાકર.
શ્રી મહાવીર એટલે મેરુપર્વતની પેઠે નિશ્ચળ ને સિંહની પેઠે નિડર.
શ્રી મહાવીર એટલે કૂર્મની પેઠે ગુપ્તેન્દ્રિય ને સમુદ્રની પેઠે ગંભીર.
શ્રી મહાવીર એટલે વસુન્ધરાની પેઠે સર્વંસહ, ક્ષમાવીર ને ધર્મવીર.
શ્રી મહાવીર એટલે જીવનમાં ધીર ને સાથ આપવામાં ભડવીર.
શ્રી મહાવીર એટલે દયાવીર, સત્યવીર, દાનવીર, સંયમવીર, તપવીર ને ભયવીર.
શ્રી મહાવીર એટલે નીતિ–રીતિના પૂરા હિમાયતી, યુગદૃષ્ટા ને યુગનેતા.
શ્રી મહાવીર એટલે અભયદાતા, જ્ઞાનચક્ષુદાતા, મોક્ષદાતા, શરણદાતા ને બોધિદાતા.
શ્રી મહાવીર એટલે ત્રિયોગને સંપૂર્ણપણે કાબૂમાં રાખનાર મહાન્ યોગી.
શ્રી મહાવીર એટલે કર્મયોગી, રાજયોગી, જ્ઞાનયોગી ને ધર્મયોગી.
શ્રી મહાવીર એટલે આનંદવારિધિ, વિવેકનિધિ ને વીરવ્રતધારી.
શ્રી મહાવીર એટલે જગત્પિતા, જગન્નિષ્કારણબંધુ ને જગદુપકારી.
શ્રી મહાવીર એટલે જગન્નાથ, જગદીશ ને જગજ્જનભવભયભંજન.
શ્રી મહાવીર એટલે જગદ્વત્સલ, જગત્સાર્થવાહ ને જગજ્જનમનરંજન.
શ્રી મહાવીર એટલે ભલભલા શૂરવીરોને આત્મબળમાં આંજી દઈ ધાર્યું કામ કરનાર સાર્વભૌમ.
શ્રી મહાવીર એટલે અદ્ભુતઅતિશયનિધિ, કૃપારસસિન્ધુ ને ગુણધામ.
શ્રી મહાવીર એટલે કર્તવ્યપરાયણતાના પાઠો પઢાવનાર ને કર્ત્તવ્યપથગામી દૈવી આત્મા–મહાત્મા.
શ્રી મહાવીર એટલે શારદ સલિલની પેઠે સ્વચ્છ હૃદયવાળા પૂજ્ય પુરુષ.
શ્રી મહાવીર એટલે કમળની પેઠે નિર્લેપી સન્ત પુરુષ
શ્રી મહાવીર એટલે વિશ્વભરમાં ભારતનો વિજયડંકો વગાડનાર તત્ત્વજ્ઞાની–કેવલજ્ઞાની.
શ્રી મહાવીર એટલે સૂર્યની પેઠે તેજસ્વી ને ચંદ્રની પેઠે શાન્ત.
શ્રી મહાવીર એટલે સકલ દોષ રહિત, સર્વાત્મગુણસંપન્ન, વીતરાગ દેવ. અન્તમાં
શ્રી મહાવીર એટલે ત્રિભુવનનું નવનીત.

આવા **શ્રમણ ભગવાન્ શ્રી મહાવીર**ને સ્નેહભાવે, શ્રદ્ધાભાવે અને સેવકભાવે ચૈત્ર શુદિ તેરશની પુણ્યતિથિએ મારા અન્તરના કોટિ કોટિ વન્દન હો! વન્દન હો! વન્દન હો!

ॐ **शान्तिः ३**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સર્વસાધારણ–વ્યવહારૂ હિતશિક્ષા

સહુ મન સુખ વંછે, દુઃખને કો ન વંછે,
નહિ ધરમ વિના તે, સૌખ્ય એ સંપજે છે;
ઇહ સુધરમ પામી, કાં પ્રમાદે ગમીજે ?,
અતિ આળસ તજીને, ઉદ્યમે ધર્મ કીજે. ૧

ઈહિ દિવસ ગયા જે, તેહ પાછા ન આવે,
ધરમ સમય આળે, કાં પ્રમાદે ગમાવે ?;
ધરમ નવિ કરે જે, આયુ આળે વહાવે,
શશિ નૃપતિ પરે તે, શોચના અંત પાવે. ૨

**ભાવાર્થ:—**જગતમાં સહુ કોઇ સુખની જ વાંછના કરે છે, કોઇ પણ દુઃખની વાંછના કરતા નથી. સહુને સુખમય જીવન જ જીવવું વ્હાલું લાગે છે, પરંતુ એવું સુખ દયા, દાન અને દમ ( સંયમ ) રૂપ ધર્મસેવનવડે જ પ્રાપ્ત થઇ શકે છે. અને એવો ઉત્તમ ધર્મ સાધી લેવાની ઉમદા–અમૂલ્ય તક આ માનવ દેહમાં જ પામી શકાય છે; છતાં પ્રમાદ વશ પડી, સ્વચ્છંદતા આદરી, મળેલી દુર્લભ તકને કેમ ફોગટ ગુમાવી દેવાય છે ? ફરી ફરી આવી ઉમદા તક હાથ આવતી નથી, તેથી આળસ–પ્રમાદ તજી, પુરુષાતન ફોરવી ધર્મકરણી કરવી ઘટે. ૧.

ધર્મ સાધન કર્યા વગર જે દિવસ ગુમાવ્યા તે પાછા આવતા નથી, તેથી આવો અમૂલ્ય સમય પ્રમાદવશ ફોગટ ગુમાવી દેવો જોઇએ નહીં. તેમ છતાં જે મુગ્ધ જનો ધર્મ-સાધન કર્યા વગર આયુષ્યને વૃથા ગુમાવે છે તેમને પાછળથી ભારે પસ્તાવો કરવો પડે છે, પરંતુ પસ્તાવાથી કંઇ વળતું નથી. સંસારચક્રમાં જન્મ–મરણના ફેરા ફરવા પડે છે, માટે ચેતન ! ચેત, ચેત, જાગૃત થા અને આળસ ઉડાડી, યથાશક્તિ સ્વવીર્ય ફોરવી ધર્મ–સાધન કરી લે. ધર્મ–સંબલ ( ભાથું ) સાથે બાંધી લઇશ તો આગળ અધિક સુખી થઇ શકીશ. તે વગર પરભવમાં તને કોઇ ત્રાણ–શરણ કે આધાર નથી, માટે જાગૃત થા, જાગૃત થા. ખોટી માયા–મમતામાં લપટાઇ જઇ જો કશું હિત–સાધન કરી લઇશ નહીં તો અંતે પારાવાર શોચ–પસ્તાવો કરવો પડશે અને ભવિષ્ય બગડી જશે; માટે જો સંવળા ચેતી, ઉત્તમ ધર્મસાધન કરી લઇશ તો જરૂર પોતાનું ભવિષ્ય સુધારી અધિક સુખશાળી થઈ શકીશ. ૨.

પરહિત કરવા જે, ચિત્ત ઉચ્છાહ ધારે,
પરકૃત હિત હૈયે, જે ન કાંઈ વિસારે;
પ્રતિહિત પરથી જે, તે ન વંછે કદાઈ,
પુરુષ રયણ સોઈ, વંદીએ સો સદાઈ. ૧

નિજ દુઃખ ન ગણે જે, પારકું દુઃખ વારે,
તેહતણી બલિહારી, જાઇએ કોડી વારે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જિમ વિષધરકેરી, ડંક પીડા સહીને,**
**વિષધર જિન વીરે, બુઝવ્યો તે વહીને. ૨**

**ભાવાર્થ:**—સ્વહિત સમજીને પરહિત કરવા જે મહાનુભાવ મનમાં ઉત્સાહ ધારે અને યથાશકય પરહિત કરવામાં ખામી ન રાખે, બીજાએ કરેલો આપણી ઉપરનો ઉપકાર હૃદયમાં ધારી રાખે–વિસારે નહીં અને તક મળતાં પ્રત્યુપકાર કરવાનું ન ભૂલે, વળી આપણાથી જે કંઇ પરનું હિત થઇ શક્યું હોય તેનો બદલો લેવા કદાપિ ન વાંછે, તે રત્નપુરુષ સદા ય વંદન યોગ્ય લેખાય. ૧. જે પોતાને દુઃખ આવી પડે તે સમભાવે સહન કરે અને પરનું દુઃખ યથાશક્તિ નિવારે તેવા પુરુષરત્નોની બલિહારી જઇએ. જુઓ! પ્રભુ મહાવીરે ચંડકોશીયા નાગની ડંક–પીડા સહન કરી, તેને પ્રતિબોધ પમાડી, તેનો ઉદ્ધાર કર્યો. ૨.

તીર્થંકરો અને ગણધરો વગેરે મહાપુરુષો જે આ માનવદેહાદિકની દુર્લભતા બતાવે છે તે આવી રીતે યથાશક્તિ સ્વપરહિતકારી ધર્મસાધન કરી લેવાના પવિત્ર હેતુથી જ. તે પ્રમાણે પ્રમાદ તજીને જે વર્તે તેમનો આ માનવભવ એક અમૂલ્ય ચિન્તામણિ રત્ન સમો લેખવવા યોગ્ય છે. તેઓ સ્વપરહિતકારી કાર્યો કરી, આ માનવદેહને સાર્થક કરે છે.

પૂર્વકૃત ધર્મના જ પ્રભાવે સારી સ્થિતિ પામ્યા છતાં જે મંદમતિ જનો તે ઉપગારી ધર્મનો અનાદર કરે છે તેવા કૃતઘ્ન–સ્વસ્વામીદ્રોહી જનોનું શ્રેય શી રીતે થઇ શકે ? ન જ થઇ શકે. એમ સમજી સુજ્ઞ–ચકોર ભાઇ બહેનોએ પવિત્ર ધર્મ આચરણ સેવીને આ દુર્લભ માનવદેહને સાર્થક કરી લેવો. પ્રમાદ તજીને જે નિજ હિત સાધી શકે છે તે પરહિત પણ કરી શકે છે. ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષાદિક દશવિધ સાધુ–ધર્મની દૃઢ ભાવના રાખી, મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ ભાવનાને યોગે બની શકે તેટલું રુડું સ્વાશ્રયી જીવન ગાળવું ઘટે.

## સ્વાશ્રયી જીવન જીવવાનું પુરુષાર્થવંતને સુશકય છે

ઉત્તમ ગૃહસ્થ જનોએ તેમજ ત્યાગી સાધુ-સંતોએ પોતાનાં જીવનમાં કરવા યોગ્ય સત્કાર્યો સ્વાશ્રય યોગે સતત ઉત્સાહ અને ખંતથી આળસ તજીને કરવા જોઇએ. ખંતથી સદુદ્યમ સેવનાર શીઘ્ર સ્વકાર્યસિદ્ધિપૂર્વક સહેજે સકળ સુખ–સંપદા પામી શકે છે અને પ્રાપ્ત થયેલી આ દુર્લભ માનવદેહાદિક અમૂલ્ય સામગ્રીને સફળ કરી શકે છે. વળી તે મહાનુભાવો ગુણ–વિકાસમાં આગળ ને આગળ વધતા જાય છે. એટલે તેઓ સર્વત્ર આદરને પાત્ર બને છે અને અન્ય કંઇક ભવ્યાત્માઓને સ્વઉત્તમ ચારિત્ર–બળે સન્માર્ગમાં જોડી શકે છે. તીર્થંકર ગણધર પ્રમુખ મહાપુરુષોની પેઠે તેઓ સ્વકલ્યાણ સાધી અન્ય ભવ્યજનોને કલ્યાણસાધનમાં પુષ્ટ નિમિત્ત ( આલંબન રૂપ ) બને છે. તેમનું પરમ પવિત્ર ચરિત્ર અનેક આત્માર્થી જનોને આદર્શરૂપ બને છે. ગુણ–ગુણીનો સર્વત્ર આદર કરાય છે. સદ્ગુણો સર્વત્ર પૂજા–સત્કારને પાત્ર બને છે, પૂજાય છે અને મનાય છે. કહ્યું છે કે—**गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः ।** ગુણી જનોના ગુણો જ પૂજાપાત્ર છે, કેવળ લિંગ (વેશ) કે વય પૂજાપાત્ર નથી.

કાયર જનો કંઇ પણ સત્કાર્ય, પ્રતિજ્ઞાદિક ભંગ થવાના ભયથી આદરતા જ નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધ્યમ જનો તે તે કાર્યનું મહત્ત્વ માની તેનો આદર તો કરે છે પરંતુ કંઇ વિઘ્ન-ઉપદ્રવ આવે ત્યારે કાયર બની તેને તજી દે છે, જ્યારે ખરા દક્ષ-ડાહ્યા-ચકોર જનો સમજપૂર્વક ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાને, ગમે તેવાં વિઘ્ન-ઉપદ્રવો આવી પડે તેમ છતાં અંત સુધી ખંડિત થવા દેતા નથી. બહાદૂરીથી તેનો નિર્વાહ કરે છે. **પ્રથમ** જ તપાસો કે તમે જે સત્કાર્ય કરવા સંકલ્પ-દૃઢ નિશ્ચય કર્યો છે તે ડહાપણભર્યો છે કે નહીં? **અને** જો તે સંકલ્પ ડહાપણભર્યો જ હોય તો ગમે તેવાં વિઘ્ન ઉપસ્થિત થાય તો પણ તેમાંથી લગારે ડગશો નહીં-ચલાયમાન થશો નહીં-તેમાં પૂરેપૂરા અડગ જ રહેજો. ધૈર્યપૂર્વક ખંત-ઉદ્યમ જારી રાખવાથી ગમે તેવાં દુષ્કર કાર્યો પણ સુખે સાધી શકાય છે. **"ચાકરી વગર ભાખરી નથી. ઉદ્યમ કર્યા વગર ફળ મળવાનું નથી. જેવું વાવશો એવું લણશો. જેવું મન ઘાલશો તેવું કમાશો. આપ સમાન બળ નહિં અને મેઘ સમાન જળ નહીં. જાત-મહેનત ઉપર જ વિશ્વાસ રાખો. સ્વાશ્રયી બનો. બીજાના ઉપર વિશ્વાસ રાખી બેસી આળસને વધારશો નહીં."**

નિયમિત કાર્ય કરવાની ટેવથી બહુ સરળતા-અનુકૂળતા થવા પામે છે, તેથી તમારા દરેક કાર્યમાં બને તેટલા નિયમિત થઇ રહેવા પ્રયત્ન કરો, સરળતાથી સારી રીતે કાર્ય કરવાની એના જેવી બીજી કોઇ સરસ પદ્ધતિ નથી. નિયમિત કામ કરનારાઓ ગમે તેટલાં કામ પ્રસન્ન ભાવે કરી શકે છે અને અનિયમિત કામ કરનાર એકાદ કામ કરવામાં પણ નાસીપાસ થઈ જાય છે.

લક્ષપૂર્વક નિયમિત કામ કર્યા પછી જે તન-મનને વિશ્રાન્તિ મળે છે તેમાં જ ખરી મીઠાશ આવે છે; કેમકે તેથી આત્મ-સંતોષ પ્રાપ્ત થાય છે-ચિત્ત પ્રસન્ન થાય છે. અનિયમિતપણે કામ કરનારને આત્મસંતોષને બદલે બહુધા બળાપો થયા કરે છે, એટલે તેનું ચિત્ત અપ્રસન્ન અને ઉદાસ રહ્યા કરે છે.

નિયમિત કામ કરનારને નિજ કાર્યશક્તિમાં શ્રદ્ધા બની બની રહે છે, તેથી તે ધાર્યું કામ ઉત્સાહપૂર્વક સારી રીતે બજાવી શકે છે; તેનાથી તદ્દન ઊલટું અનિયમિત કામ કરનાર આળસુ બને છે. આ વાત સ્વાનુભવસિદ્ધ, દીવા જેવી અને સ્પષ્ટ સમજી શકાય એવી છે.

કોઇ પણ અગત્યના કામ કરવા ઇચ્છનારે પ્રથમ પહેલાં તેવી **યોગ્યતા** મેળવવા મથવું જોઇએ ( First deserve & then desire ). **યોગ્યતા મેળવી લેવાય તો કાર્ય-સિદ્ધિ સુલભ થવા પામે એ નિર્વિવાદ સિદ્ધ છે. કારણ વગર કાર્યની સિદ્ધિ થઇ શકે જ કેમ?** માટે જ કહેવામાં આવે છે કે ( Try, try and try ) **ઉદ્યમ કરો, ઉદ્યમ કરો, ઉદ્યમ કરો.** ઉદ્યમ કરવાવડે જ અંતરાય તૂટશે. ઉદ્યમ કર્યા છતાં તત્કાળ ફળપ્રાપ્તિ-કાર્યસિદ્ધિ થવા ન પામે તો તેથી નિરુત્સાહ થઇ જવું નહીં. ધીરજ ધરીને ફળપ્રાપ્તિ કરવી. સિદ્ધિ થતાં સુધી અડગ ઉત્સાહથી ઉદ્યમ કરી આગળ ને આગળ વધતા જવું; એટલે અંતે ફળપ્રાપ્તિ-કાર્યસિદ્ધિ પણ અવશ્ય થશે જ. ઉદ્યમ સાથે નશીબ યારી આપે છે તો તત્કાળ પણ ફળ-પ્રાપ્તિ થઇ શકે છે. સતત ઉદ્યમ કર્યા છતાં ફળ ન મળે તો જ દૈવને દોષ દેવો, તે પહેલાં દૈવને કે કાળને દોષ દઇ નિરુદ્યમી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બની બેસવું નહિ. ગંભીર અને મહત્ત્વનાં કામ બહુ વિવેકથી ને ધૈર્યથી કરવાં જોઇએ. તેમાં ફળપ્રાપ્તિ માટે અધીરા થવું નહીં. કહ્યું પણ છે કે–Patience and persivea-rance owercome mountains–અર્થાત્ ધૈર્ય અને ખંતથી ગમે તેવાં મહત્ત્વનાં કામ પણ પૂરાં કરી પાર પાડી શકાય છે. બાકી તે વગર તો Haste is Waste અતિ ઉતાવળ અને અધીરાઈ કરવી તે અતિ હાનિરૂપ નીવડે છે.

શ્રીમાન્ **આનંદઘનજી** જેવા આત્મજ્ઞાની–અધ્યાત્મી પુરુષો એવો જ બોધ આપે છે કે '**સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ**' સેવા–ભક્તિ અને પરમાર્થપરાયણતા માટે પ્રથમ–પહેલાં જ ભય, દ્વેષ અને ખેદરૂપ દોષત્રયનો ત્યાગ કરવો જોઇએ. જેમાં પરિણામની ચંચળતા–અસ્થિરતા વર્તે એ જ **ભય,** અરુચિ થવા પામે એ જ **દ્વેષ** અને એવી ઉત્તમ પ્રવૃત્તિ કરતાં થાકી જવાય એ જ **ખેદ.** સતત અભ્યાસયોગે સ્થિતિ પરિપાક થયે છતે એ દોષત્રય વિલય પામે છે અને આંતર–વિવેકદૃષ્ટિ ખુલે છે. પછી ગુણમણિના નિધાનરૂપ સંત–મહંતને પિછાણી, તેમનો પરિચય કરી, સ્વચિત્તશુદ્ધિ કરી શકાય છે, જેથી સઘળી કરણી સફળ થઇ શકે છે. અને એ રીતે સરલ મન–વચન–કાયાથી કરાતી શુદ્ધ કરણીવડે સત્ય ફળરૂપ ઉત્તમોત્તમ મોક્ષસુખ પણ પ્રાપ્ત થઇ શકે છે.

## પ્રમાદ પંચક

**મદ, વિષય, કષાય, નિદ્રા** અને **વિકથા** એ પાંચેને જ્ઞાની પુરુષો પ્રમાદપંચક કહે છે. એ પાંચે પ્રમાદ જીવને અનંત સંસારમાં રઝળાવે છે.

૧ જેનાથી મદ–નશો ચઢે એવા ગમે તે માદક પદાર્થનું ખાન–પાન કરવું અને બેભાન બની સ્વકર્તવ્ય કર્મથી ચૂકવું.

૨ પાંચે ઇન્દ્રિયોના વિષયો–શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં ગૃદ્ધ–આસક્ત થઇ જવું.

૩ ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયને વશ–પરવશ થઇ જવું.

૪ આળસ–સુસ્તાઇવડે એદીની જેમ નિરુદ્યમી બની બેસી રહેવું.

૫ જેમાં કશું સ્વપરહિત સમાયેલું ન હોય એવી નકામી કુથલીઓ–વિકથા કરવી.

મિથ્યાત્વ, અજ્ઞાન પ્રમુખ તેના આઠ ભેદ પણ કહ્યા છે. પ્રમાદાચરણ તજી ખરી દિશામાં વર્તવાથી સાચો લાભ થઇ શકે છે. **સ. ક. વિ.**

## હિતબોધક પદ્ય

આંટી કાઢે અકલથી, ઘુંચ પડે ન મુંઝાય; તાણીને તોડે નહિ, તો ઘર સુખે ચલાય. ૧૪
તમા ન તજીએ તેહની, જેની ગરજ સદાય; જળ સાથે રીસાઇ ને, કહો મત્સ્ય કયાં જાય ? ૧૫
અદેખાતણી આંખમાં, કમળાકેરો રોગ; પીળું દેખે સર્વને, રોગતણો સંજોગ. ૧૬
પરમેશ્વર જો પાધરો, શત્રુથી શું થાય ?; પથરો ફેંકે પાપી જન, ફૂલ થઇ ફેલાય. ૧૭
કશું ન નિપજે એકથી, ફોકટ મન ફૂલાય; કમાડ તાળું બે મળી, ઘરનું રક્ષણ થાય. ૧૮
શુભકાર્યો વિણસહાયથી, કરી શકે નહિ કોય; કહો હથોડો શું કરે ?, જો નહિ હાથો હોય. ૧૯
એક રૂપીઓ સાંપડયે, નાણાવટુ ન થાય; મળે સૂંઠનો ગાંઠીઓ, ગાંધી નહિ જ થવાય. ૨૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર–કૌશલ્ય

લેખક—મૌક્તિક

(૮૭)

**" જે પોતાના મુખ અને જીભને પોતાને વશ રાખે છે તે પોતાના આત્માને મુશ્કેલીઓમાંથી બચાવી લે છે."**

સવારે ઉઠ્યા ત્યારથી તે રાત સુધી જે હાથમાં આવે તે ખાવું અને આખો વખત ચક્કીને ચલાવ્યે જ રાખવી તે અનેક રીતે નુકસાન કરે છે. શું ખાવું ? અને કેમ ખાવું ? એ બે અતિ મહત્ત્વના સવાલો છે. દરેકને માટે એનો એક સરખો જવાબ તો ન હોઇ શકે પણ કેટલાક સામાન્ય નિયમો તો સર્વને લાગુ પડી શકે તેવા છે. નિયમિત વખતે જ ખાવું, અમુક ટંક જ ખાવું, સાદું પણ પૌષ્ટિક ખાવું, ભૂખ લાગી હોય તેથી બાર આના ખાવું, અપચો થયો હોય ત્યારે ન ખાવું અને અવારનવાર ઉપવાસ કરવા તથા ઉત્તેજક પદાર્થ ન ખાવા, મરચાં મસાલા બહુ જ અલ્પ લેવા–વિગેરે સાર્વજનિક નિયમો છે. આ નિયમો જે પાળે તે અનેક મુસીબતોથી દૂર રહે છે. જીહ્વાને વશ કરનાર જગતને કબજે કરી શકે છે.

**'જેની ડાઢ ડળકી, તેનો દિવસ ઉઠયો.'** આ સર્વમાન્ય સૂત્ર છે અને તે ખાવાની સર્વ બાબત ઉપર શિસ્ત રાખવાનું સૂચવે છે. જેટલી અગત્ય ખાવાને અંગે છે તેટલી જ અગત્ય પીવાને અંગે છે. પીવામાં પણ કેફી કે માદક પદાર્થનો ઉપયોગ ન કરનાર અનેક આફતોમાંથી બચી જાય છે. દારુ પીનારનું અસ્વસ્થ જીવન, આત્મા પર કાબૂનો અભાવ અને શિથિલ વિચારણાપદ્ધતિ જગજાણીતા છે. જેને પોતાના મુખને વશ કરતાં આવડે, જે પથ્યના નિયમો જાણે અને પાળી શકે તે બહુ પ્રકારના લાભ મેળવે છે અને તેનાથી આપત્તિઓ દૂર રહે છે.

જીભનો ઉપયોગ બે પ્રકારનો છેઃ સ્વાદ લેવાનો અને બોલવાનો. એના સ્વાદની બાબત મુખ પરના કાબૂમાં આવી જાય છે. જીભનો સ્વાદ એક ક્ષણનો છે. જીભ પર રસ મૂકયો, પેટમાં ઉતર્યો અને ખેલ ખલાસ થાય છે! એમાં આટલી બધી આળપંપાળ શી કરવી ? સાદા ખોરાકને ચાવીને લાળ સાથે મેળવવા જેટલી ફુરસદ હોય તો તેમાંથી પણ સ્વાદ લઇ શકાય છે. વળી સ્વાદ માટે અધીરાઈ કેમ પાલવે ? કેટલાક માણસો તો સ્વાદ ખાતર તેલમરચાંનો ખંગ વાળતા જોવામાં આવે છે. આ જુવાનીના અત્યાચારો જ્યારે આધેડ વયે કે વૃદ્ધપણમાં નડે છે ત્યારે અક્કલ આવે છે, પણ તે બહુ મોડી મોડી આવે છે.

બોલવા ઉપર કાબૂ રાખવાથી તો આખી જીવનયાત્રાની સફળતા થાય છે. **'બહુ બોલે તે બાંડો'** જાણીતી વાત છે. કારણ વગર બોલવું, જેમ તેમ બોલવું, જ્યારેત્યારે બોલ બોલ કર્યા કરવું અને વિચાર કર્યા વગર કે પરિણામ તોળ્યા વગર બોલવું એ તો અણસમજુનું કામ છે. બોલવા પર અંકુશ રાખવાની ખાસ જરૂર છે. એમાં જેટલી માઝા મૂકાય છે તેટલું મુસીબતોને આમંત્રણ જ થાય છે. બોલેલું પાછું ફેરવી શકાતું નથી. હોઠથી બહાર નીકળ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે મર્યાદામાંથી પસાર થઇ ગયું. ખાધેલ વસ્તુ અપચો કરે તો રેચ પણ લેવાય છે, પણ બોલેલું પાછું ગળાતું નથી. કુશળ માણસ પોતાનાં મુખ પર અને જીભ પર સમજણ અને વિવેકપૂર્વક અંકુશ મૂકે છે. એમાં એને પોતાને જ લાભ છે.

" Who so keepeth his mouth and his tongue keepeth his soul from trouble." ( 11-1-36. )

( ૮૮ )

## ( ૧ ) અભ્યાસ કેવી રીતે કરવો? ( ૨ ) અભ્યાસ પર પ્રેમ રાખવો ( ૩ ) અને અભ્યાસ એકલો પૂરતો નથી એ બાબતનો સાક્ષાત્કાર–કેળવણીનાં આ ત્રણ પૌષ્ટિક તત્ત્વો છે.

વૈદકીય છેલ્લી શોધખોળમાં 'વીટામીન' ની શોધ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. દરેક ચીજમાં અમુક અમુક પ્રકારના પૌષ્ટિક અથવા પોષક તત્ત્વો હોય છે. તેનું પ્રમાણ અને તેની જાતિ તથા તેની અસરના જ્ઞાનથી માણસને જુદી જુદી તબિયતને અંગે શો ખોરાક આપવો તેનો નિર્ણય કરવામાં ઘણી સરળતા થતી જાય છે. જે તત્ત્વ શરીરમાં ખૂટતું હોય તેને પૂરવાથી ઓછે પ્રયાસે જરૂરી પુષ્ટિ મેળવી શકાય છે અને વસ્તુનું મહત્ત્વ સમજાય છે. એક પ્રકારની પ્રકૃતિવાળાને જે તત્ત્વ ખાસ જરૂરી હોય તે બીજાને નુકશાન કરનાર પણ નીવડે છે. એ સર્વનું જ્ઞાન આ 'વીટામીન' ની શોધને આભારી છે.

૧. અભ્યાસને અંગે પણ એવા ત્રણ વીટામીનની શોધ થઇ છે. પ્રથમ તો અભ્યાસ કેવી રીતે કરવો ? એ ખાસ અગત્યની બાબત છે. ગોખણપટ્ટી અને સમજણ, યાદશક્તિ અને વિવેચનશક્તિ, ગ્રહણશક્તિ અને ધારણાશક્તિ, પૃથક્કરણશક્તિ અને સમન્વાયશક્તિ, એ વ્યક્તિગત કેટલી છે તે સમજી વિચારી કેવો અભ્યાસ કરવો ? એનો નિર્ણય કરવાની જરૂર છે.

૨. બીજી તેટલી જ મહત્ત્વની બાબત અભ્યાસ પર પ્રેમ રાખવાની છે. પરીક્ષા પસાર કરવા કે અમે આટલું ભણ્યા છીએ એમ બતાવવા અભ્યાસ કરવો એ નિરર્થક છે. અભ્યાસ પર એવો પ્રેમ જોઇએ કે એના વગર ચેન જ પડે નહિ. એક દિવસ નવું જાણ્યા-વાંચ્યા વગરનો જાય તો જાણે તે દિવસ નકામો ગયો એવો અંદરથી આઘાત લાગે અને કોઇ મહાન સત્ય કે કલ્પના કે પ્રતિભાનો અજબ ચમત્કાર જાણવામાં આવે ત્યારે અંદરથી ઊર્મિ સંચલન થવી જોઇએ.

૩. ત્રીજી બાબત એ છે કે અભ્યાસ સ્વયં પૂરતો નથી એવી મનમાં ખાતરી થવી જોઇએ. અભ્યાસનું કાર્ય વર્તન પર સારી અસર કરવાનું છે. ભણ્યા પ્રમાણે જીવી જાણતા આવડવું જોઇએ, વાંચન પ્રમાણે વર્તન થવું ઘટે; નહિ તો '**પોથીમાંનાં રીંગણાં**' થાય તો તો આ ભવ ને પર ભવ બન્ને બગડી જાય.

આ સર્વ વાત અભ્યાસને અંગે જરૂરી છે. કીર્તિ કે ખ્યાતિ માટે અભ્યાસ નથી. પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે અભ્યાસ સાધન છે. જીવનયાત્રા સફળ કરવામાં એ મહત્ત્વનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગ ભજવે છે અને આખા જીવનમાર્ગને એ અજવાળે છે. ભણવાની રીત, ભણવા પર પ્રેમ અને ભણવું એ વિશિષ્ટ સાધ્યપ્રાપ્તિનું પરમ સાધન છે. એમ સમજી જે અભ્યાસ કરે તે અભ્યાસના પોષક તત્ત્વને પામી જાય છે. એવો માણસ પ્રમાણમાં ઓછું ભણ્યો હોય તો પણ એની સફળતા છે. '**ભણ્યા પણ ગણ્યા નહિ**' એવા કણબી તો કુટુંબને બોળી દે. ભણવું એ મહાન ચીજ છે, ભવ્ય છે; એને ઓળખી, સમજી જે એને પાલવે પડે તે અનંત આંતરસુખ ભોગવે અને સર્વ રીતે પુષ્ટ થઇ સ્વપર આનંદમાં વધારો કરે.

"There are three vitamins in education: how to study, the love of study and a realisation that study by itself is not enough." ( 16-1-35. )

( ૮૯ )

**"માણસ પોતે કેટલું જાણે છે એમ તે ધારે અથવા માને તે બાબત પ્રમાણમાં ઓછી મહત્ત્વની છે; માણસ કેટલું ભલું કરે છે એ એક જ બાબત એના સાચાપણાનો મુદ્દામ પુરાવો છે અને તે જ બાબત ખાસ ઉપયોગી છે."**

કેટલાક ધર્મવાળા ઇશ્વરને સૃષ્ટિના બનાવનાર અને છેવટે ન્યાય આપનાર માને છે. તેવી આસ્થાવાળા એક કવિએ કહ્યું છે કે: "તમે જ્યારે પ્રભુના દરબારમાં હાજર થશો ત્યારે તમારી જાતિ-જ્ઞાતિ કઇ હતી તે કોઇ શોધવાનું નથી કે તમારો જન્મ કયાં થયો હતો તેની કોઇ દરકાર કરવાનું નથી. ત્યાં તો તમને એક જ સવાલ પૂછાવાનો છે કે 'ભાઇ! તેં પૃથ્વી પર શું કર્યું ?"

કર્મનો સિદ્ધાંત માનનાર પણ કામ કેવાં કર્યાં ? તે જ માનશે. એમાં કર્મનું ફળ અન્ય પાસે લેવા જવું પડશે કે અંદર રહેલો અંતર્યામી પોતે જ દફતર રાખી લે છે તે વાતની ઘડભાંજમાં પડવાનું નથી. વાત એ છે કે આ જીવનમાં 'ભલું' કેટલું કર્યું ? તેનો જ અંતે હિસાબ કરવાનો રહે છે. બધી વાતનો સાર વર્તન ઉપર-ચારિત્ર ઉપર આવે છે. અહીં મોટા ધનના ડુંગરા એકઠા કર્યા હોય કે મોટા લેખક, વિચારક કે કવિ તરીકે નામના મેળવી હોય, કે અનેક પર સામ્રાજ્ય ભોગવ્યું હોય, કે અમે આર્ય છીએ કે ક્ષત્રિય છીએ કે મોટા કુળવાન છીએ એવા ગૌરવો કર્યા હોય-એ સર્વ બાબત અંતે નકામી છે. આખી જિંદગીનો સાર મનુષ્યનું-ભૂતમાત્રનું ભલું કરવાના સરવાળામાં જ ગોઠવાઇ જાય છે. માણસની મોટાઇ, અભિમાન કે જ્ઞાનના પોટલા અંતે કાંઇ કામ આવતા નથી. એક ગધેડાની પીઠ પર સુગંધી ચંદનનો ભાર લાદવામાં આવે તેની સુગંધનો ઉપભોગ ગધેડાને નથી, તે જ પ્રમાણે ચારિત્ર વગરનો ગમે તેવો મોટો જ્ઞાની હોય તો તે માત્ર જ્ઞાનનો ભાર જ ઉપાડનાર થાય છે, બાકી એની આત્મ સન્મુખ પ્રગતિ થતી નથી કે એ ભવિષ્યમાં સુખ અથવા સુગતિ પ્રાપ્ત કરતો નથી.

ખરી વાત તો એ છે કે બહુ ઊંડી ચર્ચામાં ઉતરવાની ઝીણવટ સ્વીકારવાની વાત જવા દો, આખી દુનિયાના ધનને ધરભેગું કરવાના વલખા માંડી વાળો, પોતે મોટા જ્ઞાની છો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે મુખ્ય મતભેદ

આ સંબંધમાં જૈન વર્ગ બહોળે ભાગે અજાણ હોવાથી માહ માસના **'દિગંબર જૈન'**માં આવેલા એ લેખના મુખ્ય વિભાગને વર્ગણી કરીને અહીં દાખલ કરેલ છે.

૧ શ્વેતાંબરો સુધર્મા ગણધરે રચેલી દ્વાદશાંગીમાંથી બારમું અંગ દૃષ્ટિવાદ વિચ્છેદ ગયેલ હોવાથી બાકીના આચારાંગાદિ ૧૧ અંગને સૂત્ર તરીકે માને છે; દિગંબરો બારે અંગ વ્યવચ્છેદ થયેલા માની નવા બનાવેલા ધવળ, મહાધવળ, જયધવળ, ગોમટ્ટસાર વિગેરે ગ્રંથોને આગમ તરીકે માને છે.

૨ શ્વેતાંબર સાધુઓ સંયમના નિર્વાહ માટે વસ્ત્રપાત્રાદિ રાખે છે; દિગંબર મુનિઓ વસ્ત્રપાત્રાદિ રાખતા નથી.

૩ શ્વેતાંબર સાધુઓ ભિક્ષાને **ગોચરી** કહે છે; દિગંબર સાધુવર્ગ–આચાર્ય, ભટ્ટારક, મુનિ, ક્ષુલ્લક, બ્રહ્મચારી ભિક્ષાને **ભ્રામરી** કહે છે.

૪ શ્વેતાંબર સાધુઓ એકથી વધારે ઘરે ભમીને ભિક્ષા ( આહાર ) ગ્રહણ કરે છે; દિગંબરી સાધુસમુદાય–ધર્મગુરુ, આચાર્ય, ભટ્ટારક, મુનિ, ક્ષુલ્લક, બ્રહ્મચારી વિગેરે એક જ ગૃહસ્થ ( શ્રાવક ) ને ઘેર આહાર કરી લે છે.

૫ શ્વેતાંબર સાધુઓ શ્વેત કે પીત વસ્ત્ર ધારણ કરે છે; દિગંબર ધર્મગુરુ જેઓ ત્યાગી–મુનિ હોય છે તે તદ્દન નગ્ન રહે છે, એલ્લક અને ક્ષુલ્લક કોપીન-( લંગોટી ) ધારી હોય છે. આચાર્ય, ભટ્ટારક અને બ્રહ્મચારી લાલ કે ભગવાં વસ્ત્ર ધારણ કરે છે.

---

એમ ધારવાની કે માનવાની વાત છોડી દો. બને તેટલું અને બને તેટલાનું ભલું કરો. યાદ રાખો કે કરેલી સેવા જરૂર કામ આવવાની છે. ખરી રીતે ખાધું તે ખોયું છે, ખવરાવ્યું તે ખરું ખાધું છે અને ખાવાપીવાવડે જીવન તો કાગડા કુતરા પણ પૂરું કરે જ છે. અન્યને માટે જીવન એ સાચું જીવન છે, એમાં સંતોષ છે, એમાં આયંદે મોજ છે. વર્તન વગરનું જ્ઞાન ભલે થોડો વખત ભભકો દેખાડે, કદાચ એ અન્યને આંજી પણ દે, પણ જીવનયાત્રામાં એને સાચું સ્થાન નથી. સાચી વાત સેવાની છે, સાચી વાત પરોપકારની છે, સાચી વાત સ્વાર્થને ભૂલવાની છે, સાચી વાત પારકાને પોતાના માનવાની છે. એવું જીવન સફળ છે, સધન છે, સપરિણામી છે, જીવવા યોગ્ય છે. કુશળ મનુષ્ય હૃદયથી બને તેટલું અન્યનું ભલું જ કરે.

---

"It is of comparatively little importance what a man thinks or believes he knows; the good that a man does is the one thing needful and the sole proof of rightness." MARY BAKER EDDY. ( 6-7-36. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ શ્વેતાંબરો એમ માને છે કે તીર્થંકર દીક્ષા ગ્રહણ કરે ત્યારે ઇંદ્ર પ્રભુના સ્કંધ ઉપર દેવદૂષ્ય ( વસ્ત્ર ) નાખે છે; દિગંબરો તે વાત માનતા નથી.

૭ શ્વેતાંબરો વસ્ત્ર સહિતને અને વસ્ત્ર રહિતને–બંનેને મોક્ષ માને છે; દિગંબરો વસ્ત્ર રહિતને જ મુક્તિ હોય એમ માને છે.

૮ શ્વેતાંબર સાધુ–સાધ્વીઓ **રજોહરણ** રાખે છે; ત્યારે દિગંબર સાધુવર્ગ–આચાર્ય, ભટ્ટારક, મુનિ, ક્ષુલ્લક, બ્રહ્મચારી **મોરપીંછી** રાખે છે.

૯ શ્વેતાંબર મુનિઓ વંદન કરનાર શ્રાવક–શ્રાવિકાને **ધર્મલાભ** કહે છે; દિગંબર સાધુવર્ગ આચાર્ય, ભટ્ટારક, મુનિ વંદન કરનાર શ્રાવકને **ધર્મવૃદ્ધિ** કહે છે.

૧૦ શ્વેતાંબરો **સ્ત્રીને** તદ્ભવે મોક્ષ માને છે; દિગંબરો સ્ત્રીને તે જ ભવે મોક્ષ ન જ હોય એમ માને છે.

૧૧ શ્વેતાંબરો **કેવળી** આહાર કરે એમ માને છે; દિગંબરો–તેનો સાધુ સમાજ કેવળી આહાર ન કરે એમ માને છે.

૧૨ શ્વેતાંબરો એમ માને છે કે–તીર્થંકરો અને સામાન્ય કેવળીઓ જિનનામ-કર્મને તેમજ વેદનીય કર્મને ખપાવવા માટે સમવસરણમાં તેમજ અન્યત્ર સભા સમક્ષ ભવ્ય જીવોને પ્રતિબોધ કરવા માટે ગંભીર ધ્વનિથી દેશના આપે છે; દિગંબરોની માન્યતા એવી છે કે–તીર્થંકરો કે કેવળીઓ બોલતા જ નથી, પરંતુ શ્રોતાઓની પુણ્યપ્રકૃતિના ઉદયથી કેવળીના મસ્તિષ્કમાંથી એક પ્રકારનો નાદ ઉત્પન્ન થાય છે, તે નાદ નિરક્ષર હોય છે, પરંતુ શ્રોતાઓને તે નાદ અક્ષરરૂપે શ્રવણગત થાય છે.

૧૩ શ્વેતામ્બરો ઉદય તિથિ માને છે, પછી ભલે તે એક ઘડી પણ હોય; દિગંબરો છ ઘડી હોય તે જ તિથિ તે દિવસે માને છે.

૧૪ શ્વેતાંબરો દરેક તીર્થંકર દીક્ષા લીધા અગાઉ સંવત્સરી દાન એક વર્ષ પર્યંત આપે એમ માને છે; દિગંબરો તે વાત માનતા નથી.

૧૫ શ્વેતાંબરો તીર્થંકરની માતા ચૌદ સ્વપ્નો દેખે એમ માને છે; દિગંબરો ૧૬ સ્વપ્ન દેખે એમ માને છે.

૧૬ શ્વેતાંબરો દેવોની ચાર નિકાયના મળીને ૬૪ ઇંદ્રો માને છે; દિગંબરો ૧૦૦ ઇંદ્રો માને છે.

૧૭ શ્વેતાંબરો વૈમાનિકના ૧૨ દેવલોક માને છે; દિગંબરો ૧૬ માને છે.

૧૮ શ્વેતાંબરોની એવી માન્યતા છે કે શુભ ભાવનાના યોગે ગૃહસ્થ પણ કેવળજ્ઞાન પામી શકે છે; દિગંબરો દ્રવ્યચારિત્ર અંગીકાર કર્યા વિના ગૃહસ્થપણામાં કેવળજ્ઞાન ન જ થાય એમ માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૯ શ્વેતાંબરો શ્રીઋષભદેવે ચારિત્ર લેતાં ચાર મુષ્ટિ લોચ કર્યો એમ કહે છે; દિગંબરો પંચમુષ્ટિ લોચ કર્યો એમ કહે છે.

૨૦ શ્વેતાંબરો ભરતક્ષેત્રના દક્ષિણાર્ધના મધ્ય ખંડમાં (૨૫ાા) દેશો આર્ય છે એમ કહે છે ને બીજા દેશોને અનાર્ય માને છે; દિગંબરો તેમ માનતા નથી.

૨૧ શ્વેતાંબરો પંચપરમેષ્ઠી મહામંત્ર (નવકાર) ના નવ પદ માને છે ને ગણે છે; દિગંબરો પ્રથમના પાંચ પદરૂપ નવકારમંત્ર જ માને છે.

૨૨ શ્વેતાંબરો જીવ-અજીવાદિ નવ તત્ત્વ માને છે; દિગંબરો સાત તત્ત્વ માને છે.

## જિનમૂર્તિના સંબંધમાં મતભેદ

૨૩ શ્વેતાંબરીઓની જિનમૂર્તિ **વજ્ર કચ્છોટના** ચિહ્નવાળી હોય છે; દિગંબરોની મૂર્તિ **નગ્ન** હોય છે.

૨૪ શ્વેતાંબરો જિનમૂર્ત્તિના નવે અંગે પૂજા કરે છે; દિગંબરો માત્ર જમણા ને ડાબા બે અંગુઠે જ પૂજન કરે છે.

૨૫ શ્વેતાંબરો જિનેશ્વરની અષ્ટપ્રકારી ઉપરાંત સતર પ્રકારી, એકવીશ પ્રકારી યાવત્ એક સો આઠ પ્રકારી પૂજા માને છે; દિગંબરો માત્ર અષ્ટપ્રકારી પૂજા જ માને છે, બીજા પ્રકારો માનતા નથી.

૨૬ શ્વેતાંબરો વીતરાગ પ્રભુની પ્રતિમાને ચક્ષુ તેમજ અલંકારો-ઘરેણા તથા આંગી વિગેરે ચડાવે છે; દિગંબરો વીતરાગ પ્રભુની પ્રતિમાને વીતરાગ-ત્યાગસ્વરૂપ માની ચક્ષુ ચડાવતા નથી તેમજ અલંકારો કે આંગી વિગેરે પણ ચડાવતા નથી.

## કથાનુયોગને લગતા ભેદ

૨૭ શ્વેતાંબરો શ્રીવીરપ્રભુને પરણેલા માને છે અને પ્રિયદર્શના નામે એક પુત્રી થયેલી માને છે; દિગંબરો બંને બાબતનો ઇનકાર કરે છે.

૨૮ શ્વેતાંબરો સુલસા શ્રાવિકાને એક સાથે બત્રીશ પુત્રો થયાનું કહે છે; દિગંબરો તે વાતને માન્ય રાખતા નથી.

૨૯ શ્વેતાંબરો ભરત ચક્રીને આરિસાભવનમાં કેવળજ્ઞાન થયાનું માને છે; દિગંબરોની તેવી માન્યતા નથી.

૩૦ શ્વેતાંબરો ચક્રવર્ત્તીને ૬૪૦૦૦ સ્ત્રીઓ હોય એમ કહે છે; દિગંબરો ૯૬૦૦૦ હોય એમ કહે છે.

૩૧ શ્વેતાંબરો વીર પ્રભુના સત્તાવીશ ને નેમિનાથજીના નવ ભવ થયાનું કહે છે; દિગંબરોનો તે બાબતમાં મતભેદ છે.

૩૨ શ્વેતાંબરો મહાસતી દ્રૌપદીને પાંચ ભર્ત્તાર થયાનું કહે છે; દિગંબરો તેનો ઇનકાર કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૩ શ્વેતાંબરો પાંચ પાંડવોને મોક્ષે ગયેલા માને છે; દિગંબરોનો તે વિષે મતભેદ છે, તેઓ મોક્ષે ગયેલ માનતા નથી.

૩૪ શ્વેતાંબરો મરુદેવી માતાને અને રાજીમતીને તે ભવે મોક્ષે ગયેલ માને છે અને કહે છે; દિગંબરોની તેવી માન્યતા નથી.

## શ્વેતાંબરીય દશ અચ્છેરા સંબંધી

શ્વેતાંબરો જે દશ અચ્છેરા માને છે તે દિગંબરો માનતા નથી, તેઓ દશ અચ્છેરા જુદા જ માને છે. શ્વેતાંબરીય દશ અચ્છેરા પૈકી સાત અચ્છેરા મુખ્ય વૃત્તિએ દિગંબરો માનતા નથી તે નીચે પ્રમાણે:—

૩૫ ( ૧ ) શ્વેતાંબરો ઓગણીશમા તીર્થંકર મલ્લિનાથજીને સ્ત્રીપણે થયેલ માને છે; દિગંબરો તેમ માનતા નથી, પુરુષપણે થયેલ જ માને છે.

૩૬ ( ૨ ) શ્વેતાંબરો વીર પ્રભુનો ગર્ભાપહાર માને છે; દિગંબરો માનતા નથી. ત્રિશલા માતાને ત્યાં જ ઉત્પન્ન થયેલ એમ માને છે.

૩૭ ( ૩ ) શ્વેતાંબરો શ્રી મહાવીરસ્વામીની પ્રથમ દેશના નિષ્ફળ ગઇ એમ માને છે; દિગંબરો માનતા નથી. દિગંબરો તો તીર્થંકરો બોલતા નથી એમ જ કહે છે.

૩૮ ( ૪ ) શ્વેતાંબરો શ્રી મહાવીર પ્રભુને કેવળજ્ઞાન પામ્યા પછી ગોશાળાની તેજોલેશ્યાથી રોગોત્પત્તિ થયાનું અર્થાત્ ઉપસર્ગ થયાનું માને છે; દિગંબરો તે વાત માનતા નથી.

૩૯ ( ૫ ) શ્વેતાંબરો મહાવીર પ્રભુને વંદન કરવા એક વખત સૂર્ય–ચંદ્ર પોતાના શાશ્વત વિમાનને લઇને આવ્યાનું માને છે; દિગંબરો તે વાત માનતા નથી.

૪૦ ( ૬ ) શ્વેતાંબરો ચમરેંદ્રનો ઉત્પાત માને છે ને વીર પ્રભુનું શરણુ લઇને સૌધર્મ દેવલોક સુધી ગયાનું માને છે; દિગંબરો તે વાત માનતા નથી.

૪૧ ( ૭ ) શ્વેતાંબરો યુગલિકથી હરિવંશની ઉત્પત્તિ થયાનું માને છે; દિગંબરો તે હકીકત માનતા નથી.

આ સાત આશ્ચર્યથી બાકી રહેલા ત્રણ આશ્ચર્ય પણ તેઓ માનતા નથી પરંતુ તે આમાં ગણાવ્યા નથી. તે ત્રણ આશ્ચર્ય આ પ્રમાણે છેઃ—

૧ શ્રી ઋષભદેવ સાથે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ મુનિ એક સમયે સિદ્ધિપદને પામ્યા તે આશ્ચર્ય.

૨ શ્રી સુવિધિનાથ પછી પાંચ પ્રભુના આંતરામાં જૈન ધર્મ વિચ્છેદ જતાં અસંયતિઓ સંયતિપણે પૂજાણા તે આશ્ચર્ય.

૩ શ્રી નેમિનાથના સમયમાં કૃષ્ણ વાસુદેવ દ્રૌપદીને લાવવા માટે ધાતકીખંડમાં ગયેલા ત્યાંથી પાછા વળતાં ત્યાંના વાસુદેવ કપીલને શંખ શબ્દથી લવણ સમુદ્ર પર થઇને જતાં મળ્યા તે આશ્ચર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૨ હવે દિગંબરો જે દશ આશ્ચર્ય ( અચ્છેરા ) માને છે તે આ પ્રમાણે:—

૧ દરેક તીર્થંકરોનો જન્મ અયોધ્યા નગરીમાં જ થવો જોઇએ, પરંતુ આ હુંડા અવસર્પિણી કાળને લઇને અન્ય અન્ય નગરીઓમાં થયેલ છે તે આશ્ચર્ય.

૨ દરેક તીર્થંકરની મુક્તિ શ્રી સમેતશિખર ઉપર જ થવી જોઇએ તેને બદલે આ ચોવીશીના ૪ તીર્થંકરો અષ્ટાપદ, ઉજ્જયંતગિરિ ને પાવાપુરી તથા ચંપાપુરીમાં મોક્ષે ગયા તે આશ્ચર્ય.

૩ તીર્થંકરને સંતતિમાં પુત્ર જ થવા જોઈએ છતાં શ્રીઋષભદેવને બ્રાહ્મી ને સુંદરી બે પુત્રીઓ થઇ તે આશ્ચર્ય.

૪ ચક્રવર્તીનું માનભંગ અન્ય કોઇ પણ રાજા કરી શકે નહીં; છતાં બાહુબળીએ ભરત ચક્રીનું માનભંગ કર્યું તે આશ્ચર્ય.

૫ તીર્થંકરને છદ્મસ્થપણામાં પણ ઉપસર્ગ ન થાય છતાં શ્રી પાર્શ્વનાથને કમઠ તાપસના જીવ મેઘમાળી દેવથી ઉપસર્ગ થયો તે આશ્ચર્ય.

૬ તીર્થંકર છદ્મસ્થપણામાં પોતાને અવધિજ્ઞાન છે એમ જાહેર કરે નહીં છતાં શ્રી ઋષભદેવે કર્યું તે આશ્ચર્ય.

૭ વાસુદેવનું મૃત્યુ તેના ભાઈના હાથે ન થાય છતાં નવમા વાસુદેવ કૃષ્ણનું મૃત્યુ તેના ભાઈ જરાકુમારથી થયું તે આશ્ચર્ય.

૮ બ્રાહ્મણકુળની ઉત્પત્તિ અન્ય કાળે ન થાય, આ કાળમાં તેમ બન્યું તે આશ્ચર્ય.

૯ રુદ્ર અને નારદ અન્ય કાળે ન થાય, આ કાળમાં થયા તે આશ્ચર્ય.

૧૦ કલંકી ને ઉપકલંકી રાજાઓ આગળ થવાના છે તે પણ આશ્ચર્યરૂપ છે.

ઉપર પ્રમાણે કુલ ૪૨ મુખ્ય ભેદ 'દિગંબર જૈન'ના લેખક શા. મોતીલાલ ત્રીકમદાસ માળવી આકરોલવાળાએ સ્વર્ગસ્થ મુનિ શ્રી શાંતિવિજયજીએ છપાવેલ 'દિગંબર મજહબ કા બ્યાન' ઉપરથી લખેલા છે તે સહજ સુધારા સાથે જુદા જુદા વિભાગ પાડીને અહીં દાખલ કરેલ છે.

આ લેખની પ્રાંતે સદરહુ લેખક મહાશયે **ઉપસંહાર** બહુ વિસ્તારથી દિગંબર જૈનના ૫-૬ પૃષ્ઠમાં મધ્યસ્થપણે લખેલ છે, પરંતુ તે સ્થળસંકોચાદિ કારણથી અત્ર દાખલ કરેલ નથી.

દિગંબર સાથેના મતભેદને અંગે શ્રીમાન યશોવિજય ઉપાધ્યાયે '**દિગ્પટ ચોરાશી બોલ**' એ નામથી કવિત, છપ્પા, ચોપાઇ તથા દુહારૂપે ( ૧૬૧ ) પદ્ય લખેલ છે. તે પ્રકરણ રત્નાકર ભાગ ૧ લાના પૃષ્ઠ ૫૬૬ થી ૫૭૪ સુધીમાં પ્રગટ થયેલ છે. વિશેષ જાણવાના અર્થીએ તે વાંચવા તસ્દી લેવી. કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીપ્રશ્નચિંતામણિ ગ્રંથમાંથી કેટલાક પ્રશ્નોત્તરો

આ ગ્રંથ પંડિત શ્રી વીરવિજયજીએ સંસ્કૃત ભાષામાં બનાવેલો છે. તેમાં બે વિભાગ છે. દરેક વિભાગમાં સો સો પ્રશ્નોત્તરો છે. તેમાંના કેટલાક પ્રશ્નોત્તરો ધ્યાન ખેંચવા સાથે સમજવા લાયક હોવાથી અહીં લખવામાં આવ્યા છે.

પ્રથમ વિભાગ-**પ્રશ્ન** ૧૪ મો—'આ કાળમાં ક્ષાયિક સમકિત ન હોય એમ કેટલાક કહે છે તેથી આ પાંચમા આરામાં ક્ષાયિક સમ્યકૃત્વ પામીએ કે નહીં?' **ઉત્તર**—'આ કાળે ક્ષાયિક સમકિત વ્યવચ્છિન્ન થયેલ છે એવા અક્ષરો કોઇ જગ્યાએ દેખાતા નથી તેથી પામીએ એમ જણાય છે.'

**નોટઃ**—કર્મગ્રંથાદિકમાં ક્ષાયિક સમકિત '**જિનકાલિય નરાણં**' એટલે કેવળીના કાળમાં-સમયમાં વર્તતા મનુષ્યોને જ હોય એમ પ્રત્યક્ષ કહેલ હોવાથી વ્યવચ્છેદ થવાની જરૂર નથી. ઉત્તર લખતાં આ હકીકત ધ્યાનમાં રહી નહીં હોય એમ લાગે છે.

**પ્રશ્ન** ૨૦ મો—'ગૃહવાસમાં રહેલ તીર્થંકર જિનપ્રતિમાને પૂજે કે નહીં?' **ઉત્તર**—'ત્રણ જ્ઞાન સહિત જિનેંદ્રો ગૃહવાસમાં રહ્યા સતા પુષ્પ, ધૂપ, દીપાદિવડે જિનબિંબને પૂજે છે. સિદ્ધાકૃતિ હોવાથી. શ્રી શત્રુંજય મહાત્મ્યના આઠમા સર્ગમાં કહ્યું છે કે—'ત્યારપછી સ્વામી સારી રીતે સ્નાન કરી, દિવ્ય વસ્ત્રા-ભરણોને ધારણ કરીને ગૃહચૈત્યમાં રહેલા શ્રી અરિહંતના બિંબોને પૂજે છે. આ પ્રમાણે શ્રી **અજિતનાથજી**ના અધિકારમાં સર્ગ આઠમામાં કહેલ છે.' જુઓ શત્રુંજય મહાત્મ્ય ભાષાંતર પૃષ્ઠ ૨૬૩ (આ હકીકત દીક્ષા લેવાને માટે નીકળતી વખતની છે.) આ બાબત પણ વિચારવા યોગ્ય છે. શ્રીઅજિતનાથજી સિવાય અન્ય કોઇ પણ પ્રભુના ચરિત્રમાં આવી હકીકત મળતી નથી.

**પ્રશ્ન** ૩૪ મો—શ્રી બૃહત્સંગ્રહણિમાં કહ્યું છે કે-'ચંદ્રના વિમાનની નીચે ચાર અંગુળે નિરંતર રાહુનું વિમાન રહે છે.' એ બે વિમાન વચ્ચે ચાર અંગુળનું જ અંતર કહેલું છે, તો ચંદ્રના વિમાનને વહન કરનારા મનુષ્યના શરીરથી બમણા શરીરવાળા હસ્તિ વિગેરેના રૂપધારી ૧૬૦૦૦ દેવો કેમ રહી શકતા હશે?' **ઉત્તર**—'આ ચાર અંગુળ પ્રમાણાંગુળના સમજવા. તે ઉત્સેધાંગુળથી ૪૦૦ ગુણી હોવાથી અને ચંદ્રના વિમાનને વહન કરનારા દેવોના ગજાદિકના શરીર ઉત્સેધાંગુળના પ્રમાણવાળા હોવાથી તેઓ રહી શકે છે; અડચણ આવતી નથી.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૫૪ મો—'સામાયિક લઇને પ્રતિક્રમણ કરનાર, કાયોત્સર્ગમાં રહેલ શ્રાવક ઉંદરને પકડવા દોડતી બીલાડીને જોઇને શું કરે ?' **ઉત્તર**—'સામાયિકમાં અથવા પ્રતિક્રમણ કરતાં કાયોત્સર્ગમાં રહેલ શ્રાવક ઉંદરને પકડવા દોડતી બીલાડીને જોઇને ક્ષણમાત્રનો પણ વિલંબ કર્યા સિવાય એકદમ ઉઠીને કોઇ પણ પ્રકારે ઉંદરને બચાવે-જીવરક્ષા કરે. શ્રી પાર્શ્વપ્રભુએ ઉપદેશમાં કહ્યું છે કે-દયારૂપી નદીના કિનારા ઉપર ઊગેલા તૃણ સમાન સર્વે ધર્મો છે.'

**પ્રશ્ન** ૫૫ મો—'સૂક્ષ્મ નિગોદ જીવોનું ઓઘે ૨૫૬ આવળીનું આયુષ્ય કહ્યું છે તો તે પર્યાપ્તાનું કે અપર્યાપ્તાનું ?' **ઉત્તર**—'સર્વ જઘન્ય આયુષ્ય જ ૨૫૬ આવળીનું કહેલું હોવાથી તેટલું આયુષ્ય સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તાનું જ સમજવું. તેમાં પણ કોઇકનું વધારે હોય. પર્યાપ્તાનું તો વધારે હોય જ એમાં કહેવાપણું શું ?' (આ ઉત્તર તે ગ્રંથમાં શાસ્ત્રાધાર સાથે બહુ વિસ્તારથી આપેલ છે. આ ૨૫૬ આવળીનો ક્ષુલ્લક ભવ કહેવાય છે.)

**પ્રશ્ન** ૫૭ મો—'નવમાથી બારમા દેવલોક સુધી મનપ્રવિચારી દેવો પેલા બીજા દેવલોકમાં રહેલી સ્વયોગ્ય દેવીને મનથી ઇચ્છે છે, તે વખતે દેવી પણ તેને માટે તત્પર થઇ જાય છે, પણ તેનું અવધિજ્ઞાન અલ્પ હોવાથી તે ઉપર્યુક્ત દેવોના મનપરિણામને કેમ જાણી શકે ?' **ઉત્તર**—'જેમ દિવ્યાનુભાવથી તે દેવોના શુક્રના પુદ્ગળો તે દેવીના અંગમાં રૂપાદિપણે પરિણમે છે તેમ પોતાના અંગસ્ફુરણાદિવડે શીઘ્રમેવ તે દેવોના અભિલષિતનું પણ તેને જ્ઞાન થાય છે એમ જણાય છે. **तत्त्वं सर्वविद्वेद्यं** (અહીં પ્રજ્ઞાપનાની સાક્ષી આપી છે. આ હકીકતથી દેવોના વૈક્રિય શરીરમાં પણ શુક્રના પુદ્ગળોનો સંભવ જણાય છે).

**પ્રશ્ન** ૫૮ મો—'અઢાર નાત્રાનો સંબંધ કર્ણિકા (ટીકા) વિગેરેમાં કહેલ છે, પરંતુ એકંદર ૭૨ નાત્રા થાય છે તે પોતાની બુદ્ધિવડે જાણી લેવાનું તે ચરિત્રાદિમાં કહેલ છે; તો તે ૭૨ નાત્રા શી રીતે થાય છે ? તે સમજાવો.' આ પ્રશ્નના ઉત્તરમાં કર્ત્તાએ જેમ સાધ્વીએ પોતાને અંગે વેશ્યા, તેના પતિ અને પુત્ર સાથે છ છ સંબંધ (કુલ અઢાર નાત્રા) બતાવ્યા છે, તે જ રીતે વેશ્યાના સાધ્વી સાથે, તેના પતિ સાથે ને પુત્ર સાથે છ છ સંબંધ (કુલ ૧૮) તથા તેના પતિના સાધ્વી સાથે, વેશ્યા સાથે અને પુત્ર સાથે થતા છ છ સંબંધ (કુલ ૧૮) અને પુત્રના સાધ્વી સાથે, વેશ્યા સાથે અને વેશ્યાના પતિ સાથે થતા છ છ સંબંધ (કુલ ૧૮) એમ બોંતેર સંબંધ બતાવેલા છે. તેના અર્થીએ તેમાં જોઇ લેવા. અહીં વિસ્તારના કારણથી લખ્યા નથી.'

**પ્રશ્ન** ૫૯ મો—'રાવણ ને લક્ષ્મણ કેટલા ભવ પછી સિદ્ધિપદને પામશે ?'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—'રાવણ ચૌદમે ભવે તીર્થંકર થઇને સિદ્ધિપદને પામશે. સીતા તેના ગણધર થશે. તેવી જ રીતે લક્ષ્મણ પણ ચૌદમે ભવે તીર્થંકર થઈને સિદ્ધિપદને પામશે. આ પ્રમાણે શ્રીહેમચંદ્રાચાર્યકૃત ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્રના સાતમા પર્વમાં કહ્યું છે.' ( જુઓ પર્વ ૭ ભાષાંતર પૃષ્ઠ ૧૬૩ )

**પ્રશ્ન** ૭૧ થી ૭૫—**અજિતશાંતિ સ્તવ**ના સંબંધના છે. એના ઉત્તરનો સાર આ પ્રમાણે છે.

એની મૂળ ગાથા ૩૭ છે, છેલ્લી ત્રણ ગાથા અન્યકર્તૃક છે.

એ સ્તવ એક જણ બોલે, બીજા બધા સાંભળે.

દેવસિક પ્રતિક્રમણમાં પણ સ્તવનને સ્થાને એ બોલાય, રાત્રિકમાં ન બોલાય.

એમાં ઉભય કાળે બોલવાનું કહ્યું છે, પરંતુ ત્રણે કાળે પણ ગણાય.

એ સ્તોત્ર ગણવાથી હોય તે વ્યાધિઓ દૂર થાય અને નવા ન થાય.

આ વાત શાસ્ત્રસંમત છે, કારણ કે એમાં અનેક મંત્રો ગુંથેલા છે. **અજિતશાંતિ** શબ્દ જ મંત્રરૂપ છે. એનું સ્વાધ્યાય અભ્યંતર તપરૂપ હોવાથી નિકાચિત કર્મો પણ ક્ષય પામે છે અને તેથી થયેલ વ્યાધિઓ નાશ પામે છે.

( આ પાંચ પ્રશ્નોના ઉત્તરમાં એ સ્તવનું અત્યંત મહાત્મ્ય બતાવ્યું છે. )

**પ્રશ્ન** ૮૬ મો—'કેટલાક કહે છે કે **ઉપસર્ગહર સ્તોત્ર** મહામંત્રરૂપ હોવાથી અથવા પંચપરમેષ્ઠીગર્ભિત એની પાંચ ગાથા હોવાથી એનો ૧૦૮ વાર જે કોઈ જાપ કરે તેના સર્વે વિઘ્નો વિનાશ પામે છે તે વાત સત્ય છે, પરંતુ આ પાંચ ગાથાત્મક ઉપસર્ગહર સ્તોત્રમાં પંચપરમેષ્ઠીનું અવતરણ શી રીતે થઇ શકે છે ?' **ઉત્તર**—'શ્રી જિનપ્રભસૂરિકૃત ઉપસર્ગહર સ્તોત્રની બૃહદ્‌વૃત્તિના કથનથી જણાય છે કે—આ ૧૮૫ અક્ષરાત્મક ઉપસર્ગહર સ્તોત્રનો અતુલ પ્રભાવ છે, કારણ કે સર્વ વિદ્યામંત્રોના ઉપાદાન કારણભૂત પંચપરમેષ્ઠી મહામંત્ર નમસ્કાર છે. તેમાં કહેલા નમસ્કાર કરવા યોગ્ય પંચપરમેષ્ઠીના નામાક્ષરની પદ્ધતિ આ સ્તોત્રની પાંચ ગાથાની આદિમાં ચિદ્રૂપનિરૂપણીય અથવા સમજી શકાય તેવી રીતે બતાવેલી છે. ( અત્યારે બોલાતી પાંચ ગાથામાં ૧૮૫ અક્ષરો છે તેથી વધારે ગાથાની અપેક્ષા નથી. )

આ પ્રમાણે કહ્યા પછી એની પાંચ ગાથાના પ્રથમના અક્ષરોથી પંચપરમેષ્ઠીપણું સિદ્ધ કર્યું છે. તે તેમાંથી અથવા આ સ્તોત્રની બહદ્‌વૃત્તિથી જાણી લેવું. ગ્રંથમાં ઘણો વિસ્તાર હોવાથી અહીં લખેલ નથી. પ્રાંતે કહે છે કે—આ પ્રમાણે પંચપરમેષ્ઠીગર્ભિત હોવાથી તેમજ શ્રુતકેવળીપ્રણીત હોવાથી આ સ્તવનો જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુસોલીનીની સનાતન યુવાની

## તંદુરસ્તીના રામબાણ ઉપાય

સીનોર મુસોલીની આજે ૫૪ વર્ષનો 'આધેડ જુવાન' છે. ઇટાલીયન સરકારના મુખ્ય અમલદાર તરીકે કામકાજનો સખ્ત બોજો ઉપાડવા છતાં આજે તેઓ એક નવજુવાન જેટલું જ આરોગ્ય અને સ્ફૂર્તિ ભોગવે છે. ઇટાલીના એ માંધાતાની સરસ તંદુરસ્તીનું રહસ્ય જાણો છો? હમણાં જ એક અખબારનવેશ સાથેની વાતચીતમાં તેણે પોતાની 'તંદુરસ્તીની ચાવી' સમજાવી છે. તે કહે છે કે—'મારા અવયવોમાંથી મેં એક યંત્ર બનાવ્યું છે, જે હમેશાં અંકુશ અને દેખરેખ નીચે નિયમિત રીતે કાર્ય આપ્યા જ કરે છે. ખોરાકને લગતા મારા નિયમો પણ નક્કી જ લેખી શકાય, કારણ કે હું લગભગ શાકાહારી જ છું. સમાજની સુખાકારી અને વ્યક્તિગત તંદુરસ્તી માટે મદ્યને હું નુકશાનકારક લેખું છું. સરકારી ખાણાઓમાં કેટલીક વાર મારે થોડોક દારુ પીવો પડે છે, પરંતુ છેલ્લા વિશ્વયુદ્ધ પછી મેં કદી પીધેલ નથી. કીસાનોની માફક હું પણ સાદો ખોરાક પસંદ કરું છું અને ફળો ખૂબ જ આરોગું છું. હું ચ્હા કે કોફી કદી પણ પીતો નથી. દરરોજ હું ત્રીશથી ચાલીશ મિનિટ સુધી નિયમિત કસરત કરું છું અને સર્વે પ્રકારની રમતગમતોની પ્રેક્ટીસનો આનંદ લઉં છું. ઉનાળામાં ખૂબ તરવું તો શીયાળામાં બરફ પર 'સ્કાઇટીંગ' કરવું પણ ઘોડેસ્વારી તો દરરોજ. સાઇકલ, મોટરસાઇકલ, મોટર કે વિમાનો જેવા યાંત્રિક સાધનોની મદદથી લેવાતી કસરતો હું સારી રીતે જાણું છું. મને 'હાઇકીંગ' પણ બહુ જ પસંદ પડે છે. દરરોજ નિયમિત રીતે રાત્રે ૧૧ વાગે હું સૂઇ જાઉં છું અને સાતથી આઠ કલાક સુધી ઊંઘું છું. દિવસે ઊંઘવાની મને ટેવ નથી. ખાણામાં વધુ ખોરાક ચપાટવાની વૃત્તિથી જ બપોરે નિદ્રા આવે છે." ( જન્મભૂમિ તા. ૧૮-૩-૩૭. )

આ હકીકત ઉપરથી સાર એ લેવાનો છે કે-સીનોર મુસોલીની જેવા યુરોપિયન પણ માંસાહાર કરતા નથી, દારુ પીતા નથી, ચ્હા-કાફી પીતા નથી, કસરત કરે છે, તો હવે આપણા હિંદીઓ વિલાયત જઇ આવીને શું શીખી આવે છે? તેનો વિચાર કરશો અને ત્યાંથી અવગુણો ન લઇ આવતાં જે લાવવા જેવું હોય તે જ લાવે અને પોતાના ધર્મને ભૂલી ન જાય એમ કરશો.

---

મહિમા કહ્યો છે તે યથાર્થ જ છે. કેટલાક વિવેકીઓને એનો પ્રભાવાતિશય સાક્ષાત્ થયેલો છે.

**પ્રશ્ન** ૮૮ મો—'માનસ સરોવર કયા દ્વીપમાં, કઇ દિશાએ અને કેટલા પ્રમાણવાળું છે?' **ઉત્તર**—'અહીંથી અસંખ્ય યોજન ગયા બાદ એક અસંખ્યાત યોજનપ્રમાણ દ્વીપમાં અસંખ્યાત યોજન કોટાકોટી પ્રમાણ **માનસ** નામનું સરોવર છે એમ શ્રી પન્નવણા સૂત્રની વૃત્તિમાં કહ્યું છે.' ( ચાલુ )

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક–પુરૂષો

## અંતિમ રાજર્ષિ

'પૂજ્ય સંત! આપ જો નિવૃત્તિમાં હો તો આપનું જીવનવૃત્તાન્ત શ્રવણ કરવાની મને અભિલાષા વર્તે છે.' અભયકુમારે ગુરુવંદન કરી, બેઠક લેતાં પૂછ્યું.

'મંત્રીશ્વર! મારું જીવનવૃત્તાન્ત! ભલા એમાં શું માલ છે? અન્ય પુણ્યશ્લોકી મહાત્માઓના ચરિત્રો ક્યાં ઓછા છે?'

'પણ ક્ષમાનિધાન! આપની આત્મકથા આપશ્રીના મુખે જાણવામાં કંઇ ખાસ હેતુ હોય તો? જિજ્ઞાસુ જીવને એ સંભળાવવા જેટલો આપ પરિશ્રમ ન લ્યો?'

'સૂર્યનો અગાધ પ્રકાશ પથરાયેલો હોવા છતાં, ગૃહના અંધકારથી આચ્છાદિત કમરામાં જવા સારુ તો દીપકની જ આવશ્યકતા રહે છે.'

'અમાત્યમણિ! ભલે. જો ત્હારી એ મનોકામના જ હોય, એ દ્વારા તને કંઇ લાભ થવાનો હોય તો, મારા ભૂતકાલીન જીવનના ખાસ પ્રસંગો પર નજર નાંખી જવામાં મને વાંધો નથી. સંતના જીવનમાં પરોપકાર સિવાય અન્ય ધર્મ શો હોઇ શકે?'

'મારું જીવન, ત્હારા જેવા બુદ્ધિનિધાનને દીપિકાની ગરજ સારે એ મ્હારું અહોભાગ્ય ગણાય.'

'પૂજ્ય શ્રમણ! પ્રભુશ્રી મહાવીરદેવના મુખેથી સાંભળ્યું કે 'ભાગવતી દીક્ષા સ્વીકારનાર આપ છેલ્લા રાજન છો' ત્યારે મારા આનંદનો–મારા હર્ષનો જાણે મહાસાગર ઉછળી રહ્યો. આપ નોંધી રાખો કે એ અર્ધી લીંટીમાં મ્હારા જીવનનો અનુપમ લ્હાવ સમાયો છે. આજે એ પરનો પડદો ઉચકવા હું તૈયાર નથી, છતાં ભાર મૂકી મ્હારે કહેવું જોઇએ કે–મારા માટે એ જીવન મરણનો પ્રશ્ન છે. It is a question of life & death.

'સચિવ! જ્યારે ત્હારી ઉત્કટ સિદ્ધિ કે પ્રબળ સાધનાનો તાર મારા જીવનપટ સાથે સંકળાયેલો ભગવાનના વાક્યથી પૂરવાર થાય છે ત્યારે એ જીવનમાં ડોકિયું કરવાને હું પણ તૈયાર જ છું.'

'ત્હારી દ્રષ્ટિ મહાસાગર જોડે સ્નેહગ્રંથીથી જોડાયેલ સિંધુ સૌવીર દેશ પ્રતિ ફેરવ. નૃપતિ ઉદાયનનો તનમનાટ કરતો યુવાનીનો સમય અને રાજ્યકાળ ચક્ષુ સામે ધર.'

'એના પરાક્રમની યશગાથા ગાવાને કે વીરતાની વિસ્તૃત વર્ણમાળા લંબાવવાને દિલ ના પાડે છે. શૌર્ય ને બળપરાક્રમથી રંગાયેલા એ સમયમાં, દિવાની યુવાનીના નાદમાં, ધર્મ કઇ ચીડિયાનું નામ છે એ પણ તે જાણતો ન હતો. તાપસોના અરણ્યવાસ ને નિવૃત્ત જીવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિ મમત્વ ધરાવવા છતાં જાતે ધર્મ-કરણીના આચરણમાં સાવ શુષ્કતા દાખવતો. ચેટક ભૂપ જેવા ધર્માત્માની તનયા પ્રભાવતી જેવી ગૃહસ્વામિની મળવા છતાં તે રાજવીના જીવનમાં ધર્મના નામે કેવલ સહરાના રણની રેતી જ હતી! અર્હન્તઉપાસિકા પ્રભાવતીના ધર્મમાર્ગે દોરવવાના હેતુથી કરાયેલા સંખ્યાબંધ પ્રયાસો માત્ર નિષ્ફળતાને જ વર્યા હતા.

'કોઇ વાર પ્રભાવતીની દલીલોના અંતે ઉદાયન સ્પષ્ટ સંભળાવી દેતા કે સાધુઓ કે શ્રમણો એ તો ક્રિયાજડત્વને વરેલા છે. જો કંઇ પણ નિવૃત્તિ જણાતી હોય તો આશ્રમવાસી તાપસોના જીવનમાં જ. બાકી ધર્મ એ તો મુગ્ધ જીવોને લલચાવવાની મધલાળ છે. ડરપોકતા અને ભીરુતાને જન્મ આપનાર છે.

'આમ છતાં શીલવતી અંગનાની મીઠી વાણી, પ્રસંગોચિત ઇસારા હું સાવ અવગણી શકતો નહીં. ન છૂટકે પણ એમાં ઉતરવું પડતું. મનમાં થઇ જતું કે એકાદ સાધુની પોલ ઉઘાડી પાડી શ્રદ્ધાસંપન્ન રાણીની આંખ ઉઘાડી નાંખવી. તે વિના આ રોજની ચર્ચા નહિં ઓછી થાય કે નહિં એ મારો પીછો છોડે!

'પણ વો દિન કહાં? ત્યાગી આત્મામાં પોલ એ કાળે સુલભ નહોતી. સમજીને સંસારને લાત મારનાર માનવીઓ સ્વ-જીવનના પ્રત્યેક કાર્ય પર સૂક્ષ્મ નજર નાખી જતા, જરા પણ શિથિલતાને મચક ન આપતા, પ્રમાણિકપણે લીધેલ સંયમનું પાલન કરતા, વેશને ટીકાપાત્ર બનાવવા કરતાં મૃત્યુને ભેટવું વધુ પસંદ કરતા.

'દરરોજની તપાસને અંતે એક પ્રસંગ સાંપડ્યો. નગર બહારની ચંડિકાદેવીના મંદિરવાળી નાની સરામાં રાત્રિ ગાળવાના ઇરાદાથી એક નિર્ગ્રંથ ઉતર્યાની અને સ્વઆવશ્યક ક્રિયામાં લાગી ગયાની બાતમી મળી. જે સમયની હું લાંબા સમયથી માર્ગપ્રતીક્ષા કરી રહ્યો હતો તે આમ અચાનક મળી જવાથી મારા હર્ષનો પાર ન રહ્યો. તરત જ મેં બાતમીદારને હુકમ કર્યો કે 'એ સ્થાનને બહારથી તાળું લગાવી રાખવું અને હું થોડા સમયમાં જે પહેરેગીરને ત્યાં મોકલું તેની સૂચના પ્રમાણે કરવું.'

'રાત્રિના ઓળા પથરાતાં મેં એક વેશ્યાને બોલાવી મંગાવી અને તાકીદ કરી કે 'ચંડિકાદેવીના મંદિરવાળી સરામાં જે કોઇ વ્યક્તિ હોય તેની સાથે તારે રાત્રિ પસાર કરવાની છે.' તરત જ એક પહેરેગીરને સૂચના આપી કે 'આ વેશ્યાને સરામાં દાખલ કરી, બહારથી તાળું મારી એ સ્થાનમાંથી કોઇ બહાર ન જાય તેવો સખત ચોકીપહેરો રાખવો.'

'મંત્રીશ્વર! મારે આજે ખુલ્લા હૃદયે કબૂલ કરવું જોઇએ કે આ પ્રપંચની રચના પાછળ મારો એક જ ઇરાદો હતો કે–સાધુઓના જીવનમાં કાળી બાજુ હોય છે એમ બતાવી ચેટકભૂપની તનયાની શ્રદ્ધામાં ઓટ આણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम्,
भास्वानुदिश्यति हसिष्यति पंकजश्री ।
इत्थं विचिंतयति कोषगते द्विरेफे,
हा हन्त हन्त नलिनीं गजमुज्जहार ॥**

આ શ્લોકનું તાત્પર્ય એ છે કે—'કમળમાં બીડાયેલ એક ભ્રમર વિચારે છે કે–રાત્રિ પસાર થઇ જશે અને સુંદર પ્રભાત પ્રસરતાં સૂર્યોદય થશે, કમળની શ્રેણી વિકસ્વર થતાં હસી ઉઠશે. ઇત્યાદિ વિચારમાં તે મશ્શુલ બનેલો છે એવામાં ત્યાં એક હાથી આવીને તે કમળને ભ્રમર સાથે ખાઇ ગયો.' આત્મકથા કહી રહેલા ચરમ રાજર્ષિ મંત્રી અભયકુમારને ઉદ્દેશી કહે છે કે 'એ રાત્રે મારી એવી સ્થિતિ વર્તી રહી હતી કે ક્યારે પ્રાતઃકાળ થાય ને દેવી પ્રભાવતીને લઇ એ સરા પ્રતિ પગલાં માંડું અને પ્રત્યક્ષ ઉદાહરણ દેખાડી કહું કે–'શ્રદ્ધામાં અંધ બનેલી ઓ રાણી! નિર્ગ્રંથ કહેવાતા ને સાધુપણાનો સ્વાંગ ધરતા ત્યાગીની આ લીલા નિહાળ!'

'વળી એ ઉપરાંત ભાર મૂકીને તેને જણાવું કે–જ્યાં આ લીલાની મને જાણ થઇ કે તરત જ એ પર ચોકીપહેરો બેસાડ્યો હતો. બાકી આવું તો ઘણુંયે ચાલતું હશે એની કોણ નોંધ રાખે? આ તો ત્હારા અંધશ્રદ્ધાના પડલ ચીરાય એટલા ખાતર કર્યું! આ મારી નિદ્રા પૂર્વેની ભાવના.

'પણ જેમ કમળનો કોળીયો હાથીના મુખમાં થઇ જતાં ભ્રમરની તરંગમાળા આપોઆપ વિનશ્વર થઇ ગઇ તેમ મારી સ્થિતિ પણ સરાના કમાડ ઉઘડતાં જ પલટાણી. સારાયે દેહ પર ભસ્મ લગાવેલી અને માત્ર કોપીન ધારણ કરેલી એક વ્યક્તિ ભોળા શંભુનું સ્મરણ કરતી બહાર નીકળી. નગરમાર્ગે જ્યાં કદમ ભરવા લાગી ત્યાં રાત્રે ભાવેલી મારી ભાવનાનો ભારકુટો થઇ ગયો. મહામુશીબતે ચણેલી ઇમારત આપોઆપ નજર સામે જમીનદોસ્ત થતી અનુભવી. એકાએક આમ સાવ અનોખું કેવી રીતે બની ગયું તેનો ઊકેલ ન આણી શકાયો.

'દેવી પ્રભાવતી રક્તનેત્રે મારા સામું જોઇ રહી. દમામભરી વાણીમાં એક જ પ્રશ્ન તેણીના તરફથી થયો.

'ક્યાં છે મારા નિર્ગ્રંથ સાધુ? સવારના પ્રહારમાં શા માટે તમારા લંગોટીયા ભેખધારીની આ લીલા બતાવવા ખેંચી લાવ્યા? જ્યાં સાચો ત્યાગ નથી ત્યાં આવું હોય એમાં શી નવાઇ! વિષયવાસના પરની મૂર્ચ્છા ઊઠ્યા વગર સાધુતા ન જ સંભવી શકે. તેથી જ હું તો આપને રોજ શ્રી વીતરાગના ધર્મની–સત્ય ધર્મની વાત સંભળાવું છું.'

'માનદ મંત્રી! તે વેળા હું કંઇ જ ઉત્તર ન આપી શક્યો, કેવળ ભોંઠો પડી ગયો. દેવી પ્રભાવતીના વચનો મને તીર સમ ખુંચતા છતાં અન્ય પ્રતિકાર ન હોવાથી ગળી ગયો અને તરતજ અમો દંપતી રાજમહાલય તરફ સિધાવી ગયા. મારા મનમાંથી જૈન સાધુ એકદમ એક બાવાના વેશમાં આટલા સખત ચોકીપહેરા વચ્ચે કેવી રીતે ફેરવાઇ ગયા એ જાણવાની ઇંતેજારી કેમે કરી દૂર ન થયાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાંત પ્રાપ્ત થતાં જ ખાનગી રીતે મેં પેલી વેશ્યાને બોલાવી અને દમામથી રાત્રિના જે બન્યું હોય તે સાચે સાચું કહેવાની આજ્ઞા કરી.

'વેશ્યા બોલી—"મહારાજાધિરાજ! આપની આજ્ઞા પ્રમાણે મેં સરામાં પહોંચી જઈ, ભલભલા દ્રઢ મનોબળીને પણ મદનનો નશો ચઢાવે અને વિહ્વળ બનાવે તેવા શણગારની સજાવટ કરી, વિવિધ પ્રકારના હાવભાવ આદર્યા. એકાંતનો લાભ લઇ જ્યાં એ જૈનમુનિ પોતાની આવશ્યક ક્રિયામાંથી પરવાર્યા કે એકદમ તેની સમીપે પહોંચી અને આલિંગન કર્યું પણ હોત ત્યાં તો એક સત્તાવાહી અવાજ કર્ણરંધ્ર પર અથડાયો અને એમાં રહેલા પ્રબળ મનોભાવથી મારી અર્ધી આંધી ઉતરી ગઇ. એ શબ્દો હજુ પણ મને યાદ છે. "ખબરદાર! એક પગલું પણ આગળ વધી છે તો? મારે ત્હારા કામીજન ઉચિત પ્રલોભનોની રંચમાત્ર અગત્ય નથી. રામાની માયા અને ગ્રહસ્થોચિત વિલાસોનો તો મેં પૂરી સમજ પછી ઇરાદાપૂર્વક ત્યાગ કર્યો છે. એ ઉચ્છિષ્ટમાં પુન: પુન: ન લેપાવાની મારી દ્રઢ પ્રતિજ્ઞા છે. ઓ ભામિની! આ નિર્ગ્રંથ ત્હારા આ જાતના કામોત્તેજક હાવભાવ ને મર્યાદાહીન અંગસંચાલનોથી ફસાશે એમ જરા પણ માનતી નહીં. વિનાકારણ નારીજાતને ઉચિત મર્યાદાનો ભંગ ન કર. સાડાત્રણ હાથ દૂર રહીને જે કંઇ કરવું હોય તે કર." મહારાજ! આમ છતાં મેં એ મુનિને લોભાવવામાં કચાશ ન રાખી. કટાક્ષ, હાવભાવ, અંગમરોડ અને નગ્ન નૃત્ય આદિના કંઇ કંઇ પ્રયોગો કરી દેખાડ્યા; છતાં પત્થરના સ્થંભ સમ એ સાધુ તો અડગ જ રહ્યા. વિકારની જરા સરખી ઉત્તેજના પણ એનામાં મેં ન ભાળી. જ્યાં કામદેવ પર આવું આધિપત્ય હોય ત્યાં મારું શું ચાલે?

'એક વાર ફરીથી એને ભેટવાનો ને મારા દેહ સાથે લપેટવાનો વિચાર કરી જ્યાં આવેગ સહ આગળ વધું ત્યાં તો એ મુનિએ જરા પાછા હઠી, જુસ્સાદાર વાણીમાં–જાણે હમણાંજ શાપ આપી બાળી નાંખશે એવી તીવ્ર ભાષામાં કહ્યું–

'જો એક કદમ પણ આગળ વધશે તો પરિણામ ભયંકર આવશે. અબળાજાતિ જાણી આ બીજી વાર જવા દઉં છું પણ મારા વ્રતરક્ષણ અર્થે આવા પ્રયત્નો હવે નહીં જ ચાલવા દઉં.'

'નાથ! જ્યાં સામાના દિલમાં સ્નેહનો લવ સરખો ન હોય, કામનું ચિહ્ન સરખું ન સંભવે, જે સ્થાને કેવળ કચ્છના રણની રેતી જેવી શુષ્કતા ભરી હોય ત્યાં મારા જેવી વેશ્યાના પ્રયાસો પણ નિષ્ફળ નિવડે એમાંથી શી નવાઇ? ખરેખર એ સાચા ત્યાગી હતા.

'મારી એક પ્રકારની ક્રિયા વ્યર્થ ગઇ અને એ પરિશ્રમથી મારા અંગોપાંગ એટલા તો ઢીલા પડી ગયા કે ન છૂટકે મારે એક ખૂણાનો આશ્રય શોધવો પડ્યો. ભેંશ આગળ ભાગવત જેમ નકામું છે અને બહેરા આગળ શંખધ્વનિની કંઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અક્ષરમાળા

( ૪ )

ઉપકાર કરનાર પર ઉપકાર કરવો એમાં ખાસ લાક્ષણિકતા કે વિશિષ્ટતા સમાયેલી નથી, કેમકે તે તો માત્ર કરેલા ઉપકારનો બદલો જ આપ્યો ગણાય; પરંતુ જેને આપણે પીછાનતા પણ ન હોઇએ તેનું દુઃખ જોઇને તેના નિવારણ માટે યથાશક્તિ પ્રયત્ન કરીએ તેમાં અને એથી પણ આગળ વધીએ તો જેણે આપણા પર અપકાર કર્યો હોય તેના ઉપર ઉપકાર કરીએ તેમાં જ ખરી મહત્તા સમાયલી છે. કરેલા ગુણનો બદલો તો શ્વાન પણ નથી ભૂલતો તો મનુષ્યની મહત્તા શેમાં સમાયેલ છે ? ઉત્તમ જનોનો એ સ્વભાવ જ હોય છે કે મેઘ અને સૂર્યની જેમ તે સદા પરોપકારમાં જ તત્પર હોય છે.

‘ કુતરાની પુંછડીને છ મહિના સુધી જમીનમાં દાટીએ તો પણ તે વાંકી જ રહેશે. ’ ભાષામાં પ્રચલિત થયેલી આ કહેવતનો ભાવાર્થ એ છે કે-જેની જેવી પ્રકૃતિ હોય, જેનો જેવો જાતિસ્વભાવ હોય તે પલટાવો દુષ્કર છે. અમુક અપવાદને બાદ કરતાં પ્રાયે એમજ જોવાય છે કે જેનો જે પ્રકારનો સ્વભાવ પડ્યો હોય છે તેને પલટાવવા અનેક પ્રકારના પ્રયત્નો કરવા છતાં આખરે તે વ્યક્તિ પોતાના મૂળ સ્વભાવ પર ગયા સિવાય રહેતી નથી અને તેથી જ ભાષામાં કહેવતરૂપે આ વાક્ય ગુંથાયું છે કે “ જાત જાય પણ ભાત ન જાય ” અર્થાત્ કે-વસ્ત્ર પર મજીઠ જેવા પાકા રંગની ભાત હોય તો તેને અનેક રીતે ધોવાથી પણ તે જતી નથી, પણ વસ્ત્ર બળે ત્યારે જ જાય છે. એ જ ન્યાયે માણસ પોતે ખલાસ થાય ત્યાંસુધી પણ તેનો સ્વભાવ ફરવો મુશ્કેલ છે. પૂર્વનો સંસ્કારી આત્મા હોય અને કારણ મળ્યે તેનામાં આકસ્મિક પલટો થાય એ અપવાદી વાત છે. બાકી સર્વસામાન્ય રીતે જોઇએ તો “ સ્વભાવનું ઓસડ નથી. ” એ કહેવું તદ્દન સત્ય જ છે. એક કવિએ કહ્યું છે કે—

**“ પાવકકો જલ બુંદ નિવારણ સૂરજ તાપકો છત્ર કીયો હૈ,**
**રોગકો વૈદ્ય તુરંગકો ચાબુક ચૌપગકો કછુ દંડ દીયો હૈ;**
**હસ્તિ મહામદવારણ અંકુશ ભૂત પિશાચકો મંત્ર કીયો હૈ,**
**ઔષધ હૈ સબકો જગમાંહિ સ્વભાવકો ઔષધ નાંહી કીયો હૈ. ”**

---

અસર થતી નથી તેમ આ મુનિ સામે કામકેલીનો કે અનંગક્રીડાનો કંઇ અર્થ નથી જ એમ નક્કી કરી નવી કંઇ પણ ચેષ્ટા ન આદરવાની મન સાથે ગાંઠ વાળી. ’

‘ હે વેશ્યા ! એ તો જાણે એની દ્રઢતાનું વર્ણન થયું, પણ ત્હારા કથન પ્રમાણે એ જૈનધર્મી સાધુ હતા એ જ્યારે ચોક્કસ વાત છે તો, એમાંથી અલેખ જગાવતો લંગોટો કેવી રીતે થઇ ગયો ? ત્હેં આ સંબંધમાં તેની સાથે બીજી કંઇ વાત તો નથી કરીને ? ખરેખરું કહેજે. જો જરા પણ અસત્ય વદવા યત્ન સેવીશ તો યાદ રાખજે કે આજીવિકા તો જશે પણ આ નગરમાં રહેવું ભારે પડશે. આ ઉદાયન ભૂપાળ સામે જેવું બન્યું હોય તેવું અક્ષરે અક્ષર કહી દેવામાં જ જિંદગીની સલામતી છે. ’

અપૂર્ણ—**ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ખુ**શમોજમાં હર સમયે રહેનાર માણસ જ્યાં જાય ત્યાં પ્રસન્નતાથી વાતાવરણને ભરી દે છે. શોક-સંતાપ તો ત્યાં ટકી શકે જ નહીં; કેમકે જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકારનું જોર કઇ રીતે ચાલે ? તેમ આવા આનંદી સ્વભાવના માણસો જ્યાં જાય ત્યાં દીવેલ પીધા જેવા મુખોને અને રડતી સુરતને પણ હાસ્યથી-આનંદથી તરબોળ કરી દે છે અને તેમના શોક-સંતાપને ઘડીભર વિસરાવી દે છે. જે કામ દવા નથી કરી શકતી તે કામ આનંદી અને હસમુખા સ્વભાવનો વૈદ્ય કરી શકે છે. અર્થાત્ તેવો આનંદી સ્વભાવનો વૈદ્ય જ્યારે દર્દીની સાથે વાત કરે છે ત્યારે જ તેના આશ્વાસનથી, પ્રેમાળ વર્તનથી, વિનોદી અને હસમુખા સ્વભાવથી દર્દીનું કેટલુંક દર્દ તો પલાયન થઇ જાય છે. વળી બિમારી વખતે પણ જો આસપાસમાં આનંદજનક વાર્તાલાપ થતો હોય તો દર્દીનું મન તેમાં પરોવાવાથી તેટલો વખત દુઃખ વિસરાઇ જાય છે. આમ ખુશમીજાજ એ કોઈ પણ દવા કરતાં શ્રેષ્ઠ છે. માનવજાતિને પ્રતિપળે તેની જ જરૂર છે.

**ગુ**ણવાન જ સર્વત્ર પૂજાય છે, પણ જાતિ, વય કે રૂપ પૂજાતા નથી. મનુષ્ય તો સર્વ સરખા જ છે, પણ એક ઠેકાણે કહ્યું છે તેમ—

**" સાત વેંતના સર્વ જન, કિંમત અક્કલ તુલ્ય;**
**સરખા કાગળ હુંડીના, આંક પ્રમાણે મૂલ્ય. "**

આ કહેવું યથાર્થ જ છે કે હુંડીના કે ચેકના સર્વે કાગળો સમાન જ હોય છે. તેમ છતાં તેમાં લખેલ આંકડા પ્રમાણે જ પૈસા મળી શકે છે. તેવી જ રીતે મનુષ્યો સર્વે દેખીતી રીતે સરખા હોવા છતાં તેની અંતર્ગત રહેલ ગુણ અને વિદ્વત્તાથી જ તે સર્વત્ર સન્માન પામે છે. તેથી વાસ્તવિક જ કહેવાયું છે કે-" રાજા તો તેના દેશમાં જ પૂજાય છે, જ્યારે વિદ્વાન અને ગુણવાન સર્વત્ર આદરને પાત્ર બને છે. "

**ઘૂ**વડ દિવસે ન જોઇ શકે તેમાં જગત્પ્રકાશી સૂર્યને શું દોષ દેવો ? તેમ કેટલાક મનુષ્યો એવા જ હોય છે કે જેઓ અન્યનો દોષ જ જુએ. પાણીમાંથી તો પોરા નીકળે પણ તેવાઓ તો દૂધમાંથી પણ પોરા કાઢશે. તેઓ કદી ગુલાબની સુવાસને નહીં ગ્રહણ કરે પણ તે તો માત્ર તેની પાછળ રહેલા કાંટાને જ જોશે. ગમે તે બાબતની ઉજળી બાજુ તે નહીં દેખી શકે પણ તે તો તેની શ્યામ બાજુ જ જોશે. આવા મનુષ્યોને કવિઓ ઘૂવડની ઉપમા આપે છે તેમાં અયોગ્ય તો નથી જ. તે વિષે અખા ભગતે ઠીક જ કહ્યું છે કે—

**' જ્યાં જોઇએ ત્યાં કૂડે કૂડ, સામે સામા બેઠા ઘૂડ,**
**કોઇ આવી વાત સૂરજની કરે, તે આગળ જઇ ચાંચ જ ધરે;**
**અમારે હજાર વર્ષ અંધારે ગયા, તમે આવા ડાહ્યા કયાંથી થયા ?**
**અખા મોટાની તો એવી જાણ, મૂકી હીરો ઉપાડે પહાણ. "**

**ચૂ**કાદો આપનાર ન્યાયનો અધિપતિ જો ન્યાયની તુલાને પક્ષપાતથી ખોટી રીતે નમાવે તો તેને તેના કટુ વિપાકો ભોગવ્યા સિવાય છૂટકો થતો નથી. તેનું પ્રસિદ્ધ દૃષ્ટાંત વસુરાજા છે. નારદ અને પર્વત એ બે જણા ન્યાય કરાવવા આવેલ તે વખતે ગુરુપત્નીની દાક્ષિણ્યતાની ખાતર **અજ** શબ્દનો સીધો અર્થ ત્રણ વર્ષનું જૂનું ધાન્ય થાય તેને છોડીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ એટલે બોકડો એવો વિપરીત અર્થ તેણે કર્યો, તેના ફળરૂપ તત્કાળ દેવતાઓએ અંતરીક્ષના આસન પરથી તેને નીચે પછાડ્યો અને તે જ વખતે વસુરાજા મૃત્યુ પામી નરકે ગયો. આમ શુદ્ધ ન્યાયને મરડવાથી વર્તમાનમાં અથવા ભવિષ્યમાં પણ તેના અનેકગણા અશુભ વિપાકોને ભોગવ્યા વિના છૂટકો થતો નથી. આ વાતમાંથી બે સાર નીકળે છે. એક તો ન્યાયમાં કદી પક્ષપાત ન કરવો અને બીજી બાબત એ છે કે અસત્ય બોલવાથી પરિણામ કેટલું વિપરીત આવે છે તે પણ સારી રીતે ધ્યાનમાં રાખવું.

છૂટી ગયેલું તીર અને બોલાયેલા શબ્દો એ થુંકયું ન ગળી શકાય તેવી અશકય બાબતો છે. એટલા માટે દરેક વાકય બોલતાં બહુ જ વિચાર કરીને-દીર્ઘદષ્ટિ વાપરીને ઉચ્ચારણ કરવું યોગ્ય છે. શસ્ત્રના ઘા તો થોડા વખતમાં રુઝાઇ જાય છે, પણ અયોગ્ય અને મર્મવેધી શબ્દોના બાણ તો જીવનભર હૃદયમાં શલ્યની માફક ખટકયા કરે છે, ભૂલી શકાતા નથી; માટે બોલવાના દરેક પ્રસંગે વિચારપૂર્વક અને ભવિષ્યમાં પસ્તાવાનો સમય ન આવે તેમ બોલવું તે સુજ્ઞ જનોને યોગ્ય અને હિતકર છે.

જુલ્મગાર રાજાઓ અને હાકેમો પણ આ જગતમાંથી આખરે વિદાય થયા છે અને નીતિપૂર્વક રાજ્ય ચલાવી પ્રજાને સુખી કરનાર રાજાઓ પણ આયુષ્ય પૂર્ણ થયે આ જગતમાંથી વિદાય થયા છે, પરંતુ તે બન્ને પ્રકારના સત્તાધીશો ભવિષ્યની પ્રજા પાસે પોતપોતાની યાદગીરી મૂકતા ગયા છે. એકના જુલ્મ સાંભળતાં આજે પણ તે નિંદાનું પાત્ર બને છે અને બીજાના ગુણોનો સુયશ અત્યારે પણ ગવાય છે. ભાવાર્થ કે-દરેકને આખરે જવાનું તો છે જ, પરંતુ યશ કે અપયશ તેના જીવનના સ્મારકરૂપે અમર રહે છે, તેમ જાણી સત્તાધીશે કે સામાન્ય મનુષ્યે જગતમાં સુયશ વધે તેવું વર્તન રાખવું યોગ્ય છે કે જેથી પોતાના આત્માની નિર્મળતા થાય અને સર્વત્ર સુયશ ફેલાય.

ઝૂઝનારા ( રણક્ષેત્રમાં શત્રુઓની સામે નિર્ભયપણે જાનની પરવા કર્યા વિના લડનારાઓ ) ઘણા ય હોય છે અને કેટલાક દષ્ટાંતોમાં તો મસ્તક પડે તે છતાં ધડ ઝૂઝતું-લડતું હોય છે, જાન ગુમાવીને પણ આવા લડનારા અનેક હોય છે, પરંતુ આ સંસારરૂપ સમરક્ષેત્ર પર મોહરાજારૂપી મહાશત્રુની સામે ઝૂઝનારા-અંતપર્યંત તેની સામે લડનારા વિરલા જ હોય છે. તેમાં પણ મોહને પરાજય પમાડનાર તો તેમાં પણ જવલ્લે જ હોય છે. ખરે જ જેણે મોહને જીત્યો છે તેણે સર્વ જીત્યું છે.

ટુકડા થયા પછી કોઇ ચીજને સાંધીએ તો તે અભંગ તો ન જ થાય, પણ વચમાં ગાંઠ અવશ્ય પડી જાય તે ન્યાયે મિત્રતા અથવા આપ્ત જનોની વચ્ચે પ્રીતિ જ્યાંસુધી અખંડ જળવાય ત્યાંસુધી ઉત્તમ છે; પરંતુ જ્યારે પ્રીતિ કોઇ કડવાશના કારણથી ત્રુટી જાય છે ત્યારપછી તેને સાંધવા જતાં પૂર્વના ઉચ્ચારાયેલા કડવા વચનોની ગાંઠ તો તેમાં અવશ્ય રહી જાય છે કે જે ગાંઠ શલ્યની માફક જીવનભર સાલ્યા કરે છે; માટે એક બીજાના પ્રેમમાં વિક્ષેપ પડે તેવું વર્તન અથવા તેવા વાકયો બનતાંસુધી ન વદવા એ દીર્ઘદષ્ટિપણાનું લક્ષણ છે.

ઠુંઠાને ( સૂકાઇ ગયેલા ઝાડનો મૂળનો કેટલોક ભાગ જેને ઠુંઠું કહેવાય છે તેને ) અંધારી રાત્રીએ જો ચોર જુએ તો જરૂર તે એમજ માને કે કોઇ મુસાફર છે. તે જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠુંઠાને જો કોઇ ડરપોક માણસ જુએ તો તેમાં ભૂતપ્રેતાદિકની કલ્પના કરે. કોઇ વ્યભિચારી માણસ તેને દેખશે તો તે ત્યાં કોઇ સ્ત્રી હશે તેમ માનશે અને એવી બધી લાગણીઓથી પર ગયેલો માણસ ત્યાંથી નીકળશે તો તેના વાસ્તવિક રૂપમાં તેને ઓળખશે. આમ દૃષ્ટિભેદથી એક જ વસ્તુ દરેકને જુદી જુદી જણાય છે; કેમકે "દૃષ્ટિ તેવી સૃષ્ટિ" એ વાક્ય ખોટું નથી. એક જ વસ્તુને સફેદ ચશ્મા પહેરેલ માણસ સફેદરૂપે જોઇ શકશે અને શ્યામ તથા લાલ ચશ્મા પહેરેલ માણસ તે જ ચીજને કાળી અને લાલ જોશે. આ પ્રમાણે દૃષ્ટિમાં અને હૃદયમાં હોય તે જ બહાર આવે છે.

'ડૂબતો માણસ તણખલાને પણ પકડે' એ કહેવતમાં તથ્ય તો છે જ અર્થાત્ માણસ જ્યારે અતિ મુશ્કેલીમાં હોય ત્યારે તૃણ જેવા હલકા હૃદયના માણસની પાસે પણ તેને યાચનાર્થે જવું પડે છે; કેમકે **ગરજવાનને અક્કલ ન હોય** એ કહેવત યોગ્ય જ છે. તેમ છતાં તેવા માણસોથી ભાગ્યે જ તેનું કાર્ય સિદ્ધ થાય છે, પરંતુ આશાનો પાશ એટલો તો પ્રબળ છે કે તે માણસની પાસે ન કરાવવાનું કાર્ય પણ કરાવે છે.

ઢુકડે (નજીક) ગયાથી જે વસ્તુ અરમ્ય જણાય છે તે જ વસ્તુ દૂરથી અતિશય સુંદર જણાય છે. તેથી જ કહેવાયું છે કે **ડુંગર દૂરથી રળીઆમણા.** ભાવાર્થ એ જ છે કે કોઇની સાથે દૂરથી અથવા લાંબે વખતે પરિચય થતો હોય તો તેમાં રસ જળવાઇ રહે છે, પણ અતિપરિચયમાં આવવાથી–ઢુકડા વસવાથી તેના પ્રત્યે જે આદર અથવા પૂજ્યબુદ્ધિ હોય છે તેનો કેટલેક અંશે લોપ થાય છે અને પ્રાયઃ અવજ્ઞા પણ થઇ જાય છે. અહીંથી કાશી જનાર ભક્તિભરેલા હૃદયે જાય એ સ્વાભાવિક જ છે, પણ કાશીમાં રહેનારને કાશીની કે ગંગા નદીની કેટલી કિંમત હોઇ શકે? પરદેશથી યાત્રાળુઓ શત્રુંજય મહાતીર્થે અત્યંત ભાવ સહિત આવે અને આનંદિત હૃદયે યાત્રા કરી જીવન કૃતાર્થ થયું તેમ માને તેમાં લેશ પણ ખોટું નથી જ; પણ તેઓના જેટલો ભાવ કે ભક્તિ સ્થાનિક વસનારમાં પ્રાયઃ ઓછા પ્રમાણમાં હોય છે. આમ નજીકમાં રહેલી ચીજની કિંમત મનુષ્યથી આંકી શકાતી નથી, તેથી જ કેટલાય મહાપુરુષો જ્યારે થયા ત્યારે ત્યારની પ્રજાએ તેમને નથી પીછાણ્યા, એટલા ભવિષ્યની પ્રજાએ તેમના યથાર્થ સ્વરૂપમાં તેમને પીછાન્યા છે.

તુચ્છ હૃદયના મનુષ્યની પાસે કદી પણ ગુપ્ત વાત કે અંગત વાત ન કરવી, કેમકે તેથી આપણે આપણી મેળે જ ખુલ્લા પડવા જેવું કામ કરીએ છીએ. તેવાઓને માટે કહેવાય છે કે "મગનું પાણી પણ પેટમાં ન ટકે" અર્થાત્ કે હલકું ગણાતું મગનું ઓસામણ પણ જો તેના પેટમાં ન ટકે તો આપણી ગુપ્ત વાત કેમ તેના હૃદયમાં ટકી શકશે? તુરત જ એકથી બીજે કાને અને એમ કર્ણોપકર્ણ થતી થતી તે વાત લઘુ હશે તો પણ ગુરુપણાને પામી મોટા રૂપમાં બહાર પડશે અને વ્યર્થ આપણી લઘુતા થવા જેવું બનશે. વળી તેવાઓથી આપણું કાર્ય તો પાર પડવું મુશ્કેલ જ છે તો પછી અંતરની વાત કરી વ્યર્થ શા માટે લાખના સાઠ હજાર કરવા?

થુણવામાં (જિનેશ્વર દેવોની ભાવપૂજારૂપ ચૈત્યવંદન–સ્તવન–સ્તુતિ આદિ કહેવામાં) દ્રવ્યપૂજા કરતાં ઘણો જ વધારે શુભ બંધ પડે છે એમ કહ્યું છે તે યોગ્ય જ છે. કેમકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનની ગતિ અતિ વિચિત્ર અને ચંચળ હોવાથી દ્રવ્યપૂજામાં ઘણી વખત મન બીજા અનેક સાંસારિક ચિંતવનમાં પહોંચી જાય છે, પરંતુ ભાવપૂજામાં સંગીતની પ્રધાનતા હોઇને મનની એકાગ્રતા સધાય છે. કેટલીક વખત ભાવનાની શ્રેણિ ચડતી જ જાય છે, તદાકાર વૃત્તિ પણ થઈ શકે છે, તેથી જ ભાવપૂજામાં ફળની વિશિષ્ટતા કહી છે.

**દુર્જન** પુરુષોની કૃપા પણ અનિષ્ટ હોય છે, કેમ કે તેમાં પણ તેના સ્વભાવ પ્રમાણે તેનો આશય આપણે ધારતા હોઇએ તે કરતાં જુદો જ હોય છે, જ્યારે સજ્જન પુરુષોનો ત્રાસ પણ ઉત્તમ હોય છે. પ્રગટપણે તે ત્રાસ–અકળામણ ઉપજાવતો હોવા છતાં પરિણામે તેમાંથી શુભ ફળની જ પ્રાપ્તિ થાય છે અને તેથી યોગ્ય જ કહેવાયું છે કે—

**"દુર્જનકી કીરપા બૂરી, ભલો સજ્જનકો ત્રાસ;**
**જબ સૂરજ ગરમી કરે, તબ બરસનકી આસ."**

**ધૂળની** પણ માણસને કોઇ વાર જરૂર પડે છે, એમ સમજી લેશ પણ અભિમાન નહીં રાખતા સૌની સાથે હળીમળીને અને નમ્રતાથી રહેવું એ યોગ્ય છે; કેમ કે માણસ ક્યારે કઈ પરિસ્થિતિમાં મૂકાશે તેનું તેને જ્ઞાન થોડું જ છે. એક ગામમાં એક ગૃહસ્થ રહેતા હતા. શ્રીમંતાઇમાં અભિમાનથી દૂર રહેવું મુસ્કેલ છે. અહીં પણ તેમ હતું. અભિમાન સમયે તો કદાચ નિભાવી લેવાય, પણ તેનીયે હદ હોય ને! જ્ઞાતિમાં કોઇનું મૃત્યુ થાય તો જ્ઞાતિજનો સ્મશાનભૂમિ સુધી જાય એ તો સ્વાભાવિક જ છે. આ ગૃહસ્થ પણ તેવે પ્રસંગે સૌની સાથે જાય ખરા, પણ સૌ ચાલીને જાય ત્યારે આ ભાઇસાહેબ ઘોડે ચડીને જાય. સૌના હૃદયમાં આ વાત ખટકયા કરે કે–એવા દુ:ખના પ્રસંગે દાઝયા ઉપર ડામ દેવા જેવી ક્રિયા કરે–ઘોડે બેસીને સ્મશાનમાં આવે તે અયોગ્ય છે, પણ કહ્યાથી માને તેમ નથી. એટલે ઉપાય શું? પરંતુ કોઈ વાર તેને ત્યાં પણ એવો પ્રસંગ તો આવે જ ને! એક વખત તેમની માતા મૃત્યુ પામી. સૌ જ્ઞાતિજનોને જણાયું કે–આને બોધપાઠ આપવાનો આ અવસર ઠીક મળ્યો છે, એટલે કોઇએ પણ મૃતકને ઉપાડયું નહીં, પણ સૌ કોઇ ઘોડે બેસીને ત્યાં આવ્યા. આ ભાઇ એકલા શું કરે? છેવટે સૌને વિનંતિ બહુ કરી–પોતાની પૂર્વની ભૂલો બદલ ક્ષમા યાચી ત્યારે જ અંતક્રિયા સમાપ્ત થઇ શકી. ભાવાર્થ કે હલકામાં હલકી ચીજની પણ પ્રસંગ આવ્યે જરૂર પડે છે તો પછી મનુષ્ય જાતિની સામે અભિમાન રાખ્યું કેટલા દિવસ ટકી શકે? એમ જાણી નમ્રતા અને સહકારથી ચાલવું એ જ હિતકર છે.

**નૂર** (મનુષ્યના મુખનું તેજ) ચિંતાથી તદ્દન હરાઈ જાય છે એ સત્ય જ છે. ચિંતાથી મનુષ્યની ચતુરાઇ, રૂપ–રંગ ઇત્યાદિ પણ વિદાય થાય છે. તેથી જ કહેવાયું છે કે–માણસને ચિંતા એ ચિતા સમાન પ્રજાળનાર છે. તેથી કોઇ પણ કામ સુધરવાને બદલે વધારે બગડી જાય છે; માટે કોઇ કામનો તોડ લાવવો હોય તો અતિ ચિંતાતુર કે અતિ ઉગ્ર નહીં બનતાં ધીરજથી તેને માટે પ્રયાસ કરવાથીં ઉપાય જડી આવે છે. કહ્યું છે કે–

**"ધરસુતરમાં ઘુંચ ને, આંટી ધુંટી અત્યંત;**
**ધીરજથી ધાગો નભે, તાતો તોડે તંત."**

**રાજપાળ મગનલાલ વહોરા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વચનામૃતો

૧ સારા પુરુષોની સંપત્તિ પરોપકાર વાસ્તે જ હોય છે.

૨ ક્ષમા એ શૂરવીર પુરુષનું આભૂષણ છે. જ્ઞાન, શ્રદ્ધા અને તે પ્રમાણે વર્તન-આ ત્રણે મોક્ષનાં સાધન છે.

૩ વિષયોનું ચિંતન કરવાથી તે તરફ આસક્તિ ઉત્પન્ન થાય છે, માટે તેનું ચિંતન ન કરવું.

૪ મનુષ્ય વિચારની કૃતિ છે, જેવો વિચાર કરે છે તેવો તે બને છે, માટે વિચારો હમેશાં ઉચ્ચ રાખો.

૫ વેર કદાપિ વેરથી નાશ પામતું નથી, પણ પ્રેમથી નાશ પામે છે. આ સનાતન સત્ય છે.

૬ દયાના કામમાં ભાગ ન લેવો તે નિર્દયતાના કામમાં ભાગ લીધા સમાન છે.

૭ કોઈ પણ ચીજની ઈચ્છા કરો તે પહેલાં તે મેળવવાને લાયક બનો.

૮ મન એ જ મનુષ્યોને બંધ તથા મોક્ષનું કારણ છે.

૯ 'હું અને મારું' એ મોહરાજાનો પ્રબળ મંત્ર છે.

૧૦ જન્મનારને વાસ્તે મરણ ચોક્કસ છે, માટે જન્મ ન લેવો પડે તેવો પ્રયત્ન કરો.

૧૧ આત્મા નિમિત્તવાસી છે, માટે ઊંચા પ્રકારના નિમિત્ત ( સંજોગ ) મેળવવા એ આવશ્યક છે.

૧૨ સમાનતા એ મોક્ષની કુંચી છે અને ગુણાનુરાગ એ મોક્ષની વાનકી છે.

૧૩ કરેલો ઉપકાર ભૂલી જનારને વાસ્તે પ્રાયશ્ચિત્ત છે જ નહી.

૧૪ હું કોણ છું? શા હેતુથી કામ કરું છું? અને હું કેવી રીતે કામ કરું છું? આ ત્રણ સવાલ પ્રાતઃકાળમાં દરેક મનુષ્યે પોતાની જાતને પૂછવા.

૧૫ આત્મનિરીક્ષણ એ આત્માની ઉન્નતિનો ઉત્તમોત્તમ ઉપાય છે.

૧૬ દુઃખો એ છુપા આશીર્વાદો છે, તેથી આત્માની ગુપ્ત શક્તિઓ પ્રગટ થાય છે.

૧૭ અંતરમાં જુઓ, ત્યાં સઘળું-તમે જેવા હશો તેવું દેખાશે.

૧૮ જેણે મનને જીત્યું છે તેણે ત્રણ ભુવન પર જય મેળવ્યો છે.

૧૯ જે સદ્વિચારોને અમલમાં મૂકતો નથી તેના તે વિચારો ધીમે ધીમે બુંઠા થતા જાય છે, માટે સદ્વિચારોને શીઘ્ર અમલમાં મૂકો.

૨૦ જેના મનમાં, વચનમાં અને કાર્યમાં એકતા છે તે સત્પુરુષને મારો નમસ્કાર હો.

૨૧ મહાત્માને ઓળખવા હોય તો મહાત્માને પગલે ચાલવા તત્પર થવું જોઈએ.

૨૨ એક જ વસ્તુમાંથી દોષ જોનારને દોષ જડે છે અને ગુણ જોનારને ગુણ જડે છે.

૨૩ સંસારના કાર્યો કરવા છતાં તેમાં નિર્લેપ રહી શકાય છે.

૨૪ શ્મશાનમાં મનુષ્યની જેવી વૃત્તિ થાય છે તેવી વૃત્તિ નિશ્ચળ રહે તો કોણ બંધનથી મુક્ત ન થાય?

૨૫ અર્થવગરની પારકાની વાતોમાં રસ લેતો તું કયારે બંધ પડીશ?

**ચુનીલાલ સાકળચંદ બક્ષી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોનેરી સૂત્રો

લેખકઃ—મુનિ કલ્યાણવિમળજી

( અનુસંધાન પુ. ૫૨ માના પૃ. ૪૨૭ થી )

(૩૧) વ્યાયામ મંદિર એ શક્તિનો અદ્ભુત ખજાનો છે.

(૩૨) સમાજ નવજીવન માગે છે. સદીઓના વિચારો અને વર્તનોનો એ નાશ ઇચ્છે છે.

(૩૩) હે પ્રભુ ! જુલ્મ કે અન્યાયમાં રુંવાડું યે ન ફરકે એવા માનવતાવિહીન જીવનમાંથી મને બચાવ !

(૩૪) જેણે મૃત્યુનો ભય જીત્યો છે તેણે દુન્યવી તમામ ભયોને જીત્યા છે.

(૩૫) જીવન એ યુદ્ધ છે, તેમાં આંતરિક અને બાહ્ય બળોની સામે ખેલવાનું છે.

(૩૬) મુસીબત એ વિજયની ચાવી છે. મુસીબતમાં જ સાચું મનુષ્યત્વ ઝળકે છે.

(૩૭) સ્ત્રીઓના વિકાસથી સારાયે માનવસમાજની ગુલામીના બંધનો તૂટશે.

(૩૮) સ્ત્રી એ શક્તિનો અવતાર છે. સ્નેહભાવની એ પ્રતિમા છે. સ્ત્રી પ્રગતિ એ સામુદાયિક કલ્યાણનો માર્ગ છે.

(૩૯) સ્વતંત્ર જીવનમાંથી પ્રાણવંત શક્તિ સ્ફુરે છે, તેથી પ્યારી સ્વતંત્રતાને આજે જ ભેટો.

(૪૦) વિકાસ અને પ્રગતિ એ માનવજાતનો જન્મસિદ્ધ હક્ક છે.

(૪૧) પ્રજાના સર્વાંગી વિકાસો સાધતા રાજાઓને પ્રજાની ખાતર જીવવાનો હક્ક છે.

(૪૨) સ્ત્રી અને પુરુષ બન્ને એક જ પિતાના સંતાન છે. એકમેકના આધારે જીવે છે.

(૪૩) વિરોધી બળોનો ભોગ ન બનો ! હિમ્મત રાખી ધારેલા ધ્યેયે પહોંચો ! વિજય તમારો જ છે.

(૪૪) આજના પ્રગતિશાળી યુવકો એ આવતી કાલની પ્રજાનો કિંમતી મહામૂલો વારસો છે.

(૪૫) વિચારોમાં ઉદાર બનો ! ભાવના ઉજ્જવળ રાખો ! કર્તવ્યમાં શૂરા બનો.

(૪૬) જ્યારે જુલ્મ અસહ્ય બને છે ત્યારે આપોઆપ તેમાંથી નવીન તેજ પ્રગટે છે.

(૪૭) સૌ તમારી સારી પ્રવૃત્તિને પણ અભિનંદે એમ કદી ન માનશો.

(૪૮) કોઇ ધન્ય સ્વતંત્ર પળોમાં જ સાચા સ્ત્રીત્વનું દર્શન થાય છે.

(૪૯) ક્રાન્તિ, નાશ અને સર્જનની શક્તિઓ નૂતન સમાજના દર્શન કરાવશે.

(૫૦) યુગેયુગે વિચારો અને વર્તનો પલટો લે છે. યુગેયુગે સ્મૃતિઓની નવરચના થાય છે.

(૫૧) સત્સંગ એ જીવનના અંધારાને ઉલેચે છે. જીવનમાં 'દિવ્યતા' પ્રગટાવે છે.

(૫૨) અશક્યતા, નિરાશા એ નામર્દ–નિર્વીર્ય માનવીઓ માટે છે. વિજયની ચાવી મર્દોના હાથમાં છે.

(૫૩) જેને જીવનમાં લોકસેવાનો જ્વલંત આદર્શ માન્યો છે એનું જ જીવન ખરેખર ધન્ય છે.

(૫૪) સુંદર જગતસેવા કરવી હોય તો મનમાં કોઇ જગ્યાએ ડાઘ ન રાખતા.

(૫૫) જાહેર જીવન ખાંડાની ધાર જેવું છે.

(૫૬) કીર્તિમાં ફુલાઓ મા, અપયશમાં મુંઝાઓ મા, એકાગ્રતા, ધૈર્ય અને પ્રેમમાં પ્રતિપક્ષ સામે ટક્કર ઝીલવાની અદ્ભુત શક્તિ છે.

(૫૭) સેવાના નામે દંભ સેવવો કે સ્વાર્થલોલુપતા કેળવવી એ નરી ધૃષ્ટતા છે–મૂર્ખતા છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત ૧૯૯૩ ના પોષ તથા માહ માસની પત્રિકા નં. ૩૬

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ—પાલીતાણા

( સ્થાપના સં. ૧૯૬૨ ના ચૈત્ર શુદિ ૧૦ )

**ધાર્મિક પ્રવૃત્તિઓ**—નિયમાનુસાર સામાયિક, પ્રતિક્રમણ, ગુરૂવંદન, તપશ્ચર્યા, શ્રી સિદ્ધાચળજીની યાત્રા તથા શ્રી સિદ્ધાચળની તળેટીની યાત્રા વગેરે ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવી હતી.

**વિદ્યાર્થીઓની વ્યવહારિક પરીક્ષાનું પરિણામ**—૮૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા તેમાંથી ૮૧ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને ચાર વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. પરિણામ લગભગ ૯૬ ટકા આવેલ છે. દશ વિદ્યાર્થીઓને ઊંચે નંબરે પાસ થવાથી ઈનામો મળ્યા છે. વિદ્યાર્થીઓની હાજર સંખ્યા ૮૬ ની હતી. એક વિદ્યાર્થી આ માર્ચ મહિનામાં મેટ્રિકની પરીક્ષા આપવાનો હોવાથી ૮૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા.

| પોષ માસની આવક. | મહા માસની આવક. |
|---|---|
| ૧૯–૮–૦ નિર્વાહ ફંડ ખાતે. | ૩૬–૦–૦ નિર્વાહ ફંડ ખાતે. |
| ૨૯–૦–૦ ભોજન ફંડ ખાતે. | ૨૭–૦–૦ ભોજન ફંડ ખાતે. |
| ૨૫૧–૦–૦ સ્વામીવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે. | ૨૫૧–૦–૦ સ્વામીવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે. |
| ૯-૧૧-૦ દહેરાસરજી ખાતે. | |

**વિવાદ સભા.**

ગુજરાતી: દુનિયાની ભૌગોલિક પરિસ્થિતિ.
શ્રીમદ્ રાજચંદ્રનું જીવનવૃત્તાંત.
ગૃહવાદ અને યંત્રવાદ.

અંગ્રેજી: Jainism.

**જમણવાર:**—શેઠ નરોત્તમદાસ મોતીલાલના ધર્મપત્ની બાઈ અચરત. ભાવનગર, પોસ શુદિ ૧, હ: શેઠ મોતીલાલ જુઠાભાઈ. પારેખ ચુનિલાલ દુર્લભજી રૂગનાથ ભાવનગર, પોસ વદિ ૨, શેઠ રતનચંદ મૂળચંદ અમલનેર, પોસ વદિ ૪. શેઠ દેવચંદ કલ્યાણજી પ્રભાસપાટણ, પોસ વદિ ૧, શેઠ દલપતરામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમચંદ અમદાવાદ, માહ શુદિ ૪, શેઠ જેઠાભાઈ કસળચંદ જામનગર, માહ શુદિ ૩, શેઠ જેશીંગભાઇ ઝવેરચંદના ધર્મપત્ની ચંપા બહેન પાટણ, માહ શુદિ ૯, શેઠ મૂળચંદ પોચાલાલ અમદાવાદ, માહ શુદિ ૧૦, શેઠ નરોત્તમદાસ ભાણજી ભાવનગર, માહ શુદિ ૧, શેઠ મોતીશાહની પેઢી તરફથી, મુંબઈ માહ. શેઠ શેષમલ હંસાજી પાદરડા, માહ.

**ભેટ:**—શેઠ ચુનીલાલ વીરચંદ મુંબઈ, બાળપોથી ૨) ધાર્મિક પુસ્તકો ૩૦, શેઠ બાપુલાલ દલસુખભાઇ વડોદરા, જ્ઞાનબોધનું પુસ્તક ૧, શેઠ જેઠાભાઇ કસળચંદ જામનગર, મોહનથાળ મણ ૧, શેઠ હીરાચંદ પ્રેમચંદ ભાવનગર, મોહનથાળ મણ ૧) પાા, શ્રી શીહોર સંઘ સમસ્ત, હ: શેઠ ગુલાબચંદ ઝવેરભાઇ, કળીના લાડુ મણ ૧) ૭ શેર.

## દેરાસરજીની વર્ષગાંઠ:—

માહ શુદિ ૬ ને દિવસે અત્રેના દેરાસરજીની વર્ષગાંઠ ઉજવવામાં આવી હતી. તે દિવસે શેઠ દલપતરામ પ્રેમચંદભાઇ તરફથી સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી અને દેરાસરજીને નવી ધ્વજા ચડાવવામાં આવી હતી તથા વિદ્યાર્થીઓને સારૂં મિષ્ટ ભોજન આપવામાં આવ્યું હતું.

## જરૂરીયાત:—

સ્વામિવાત્સલ્ય ટ્રસ્ટ ફંડની કાયમી તિથિઓની ખાસ જરૂર છે અને તે જરૂરીયાત પૂરી પાડવા ધર્મપ્રેમી દાનવીર ગૃહસ્થોને અમારી નમ્ર વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શેઠ ઓધડભાઇ રામજીનો ખેદકારક સ્વર્ગવાસ

આ ગૃહસ્થ ભાવનગર ( વડવા ) નિવાસી જેમણે ઘણા વર્ષો **બીયાવર** ખાતે ત્યાંની મીલમાં મુખ્ય મેનેજર તરીકે વ્યતીત કરેલ, તેઓ સુમારે ચાર વર્ષના પગના વ્યાધિને લઇને ગત ફાલ્ગુન શુદિ ૨ જે પંચત્વ પામ્યા છે. એઓ સામાન્ય સ્થિતિમાંથી વધીને શ્રીમંત થયા હતા, તડકો છાંયો જોયો હતો, તેથી બીયાવર જનાર જૈન બંધુઓને આશ્રય આપતા હતા ને નોકરી વિગેરેમાં ઠેકાણે પાડતા હતા. પરોપકારપરાયણ વૃત્તિવાળા હતા. તેમની પાછળ તેમના બે સુપુત્રો નામે ગંભીરદાસ ને દુર્લભદાસ તથા એક પુત્રી બ્હેન રંભા નામના છે. તેમને તેમજ તેમના કુટુંબને અમે અંતઃકરણથી દિલાસો આપીએ છીએ. તેઓ આ સભાના લાઇફ મેમ્બર હતા તેમજ સભા તરફ લાગણી ધરાવનારા હતા. તેમનો અભાવ થવાથી સભાને એક લાયક મેમ્બરની ખોટ પડી છે. અમે તેમના આત્માને શાંતિ મળો એમ ઇચ્છીએ છીએ. તેમની પાછળ તેમના પુત્રોએ પણ સારી રકમનો વ્યય કરીને તેમને સંતોષ થાય તેવી પ્રવૃત્તિ કરી છે.

## શ્રી સમવાયાંગ સૂત્ર ( ચતુર્થ અંગ )

મૂળ, મૂળનો અર્થ ટીકાનો અર્થ એ રીતે પ્રથમ શ્રી ઉત્તરાધ્યયન, જ્ઞાતા-ધર્મકથા વિગેરે સૂત્રો અમે બહાર પાડ્યા છે તે જ રીતે બહાર પાડવા માટે તૈયાર કરવામાં આવે છે. થોડા વખતમાં છપાવવાનું કામ શરૂ થવા સાથે જેમ બને તેમ વેળાસર બહાર પાડવાની ઇચ્છા છે. આ સૂત્ર બીજા પ્રથમના ત્રણ અંગોના પ્રમાણમાં કાંઇક સહેલું છે. દ્રવ્યાનુયોગ વિગેરેના અભ્યાસીને તેમજ ઇચ્છકને બહુ ઉપયોગી થાય તેમ છે. તે પ્રથમના સૂત્રો પ્રમાણે જ પ્રતાકારે તેવા જ કાગળ ને ટાઇપમાં છપાવવાનું છે. કોઇ ગૃહસ્થને સહાય આપવા ઇચ્છા હશે તો તે સ્વીકારવામાં આવશે તેમજ તેમની ઇચ્છાનુસાર ફોટો વિગેરે આપવામાં આવશે. ઇચ્છા થાય તેમણે અમને લખવું. પ્રથમ ગ્રાહક થવા ઇચ્છનાર માટે રૂા ૧ાા પાછળથી રૂા ૨) અથવા તેથી વધારે-ફારમોના પ્રમાણમાં રાખવામાં આવશે. આવા અપૂર્વ સૂત્રોનો સામાન્ય કિંમતે લાભ મળે તે ઘેર બેઠાં ગંગા મળ્યા બરાબર છે. ગણધર મહારાજાની વાણીનો આ પ્રત્યક્ષ નમૂનો છે.

## જરૂર મંગાવો

અમારી તરફથી બહાર પડેલા સૂત્રો, ગ્રંથો, ભાષાંતરો, અર્થ સાથેની પૂજાઓ તથા બીજી બુકો જરૂર મંગાવી તેનો લાભ લ્યો. અમારે ત્યાં તમામ સંસ્થાના છપાવેલા પુસ્તકો મળી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

# શ્રી પ્રકરણરત્નસંગ્રહ.

આજ સુધીમાં અનેક પ્રકરણમાળાઓ-પ્રકરણોના સંગ્રહો છપાયા છે. તેમાં અનેક પ્રકરણો જુદા જુદા દાખલ થયેલા છે, પરંતુ અમે આ પ્રકરણોના સંગ્રહમાં તો ખાસ રત્ન જેવા અત્યંત બોધદાયક પ્રકરણોનો જ સંગ્રહ કરેલો હોવાથી આ ગ્રંથનું નામ પ્રકરણરત્નસંગ્રહ રાખેલું છે.

આ બુકમાં બધા પ્રકરણો અર્થ સહિત આપ્યા છે, પરંતુ પ્રથમ છપાયેલા આ પ્રકરણોના અર્થ કરતાં આમાં વિશિષ્ટતા એ છે કે આમાં ગાથાના પ્રતિક અન્વયની રીતે લઈને તેના અર્થ લખેલા છે કે જેથી ગાથા ઉપરથી અર્થ ધારનારને સરળતા થવા સાથે શબ્દાર્થનો પણ બોધ થાય.

આ બુકમાં દાખલ કરેલા પ્રકરણો ટૂંકામાં નીચે પ્રમાણે છેઃ—

૧ સમ્યક્ત્વસ્તવ પ્રકરણ-જેમાં સમકિતનું સ્વરૂપ બહુ વિસ્તારથી આપેલું છે.
૨ કાળસપ્તતિકા પ્રકરણ-એમાં બાર આરાનું સ્વરૂપ ઘણી પ્રાસંગિક હકીકત સાથે આપેલ છે.
૩ કાયસ્થિતિ પ્રકરણ-એમાં સર્વ જીવોની કાયસ્થિતિ ઉપરાંત ભવસંવેધ બહુ વિસ્તારથી આપેલ છે.
૪ ભાવ પ્રકરણ-આમાં પાંચ અથવા ૭ પ્રકારના ભાવોનું સ્વરૂપ છે. યંત્રો પણ છે.
૫ વિચારસપ્તતિકા-આમાં જુદા જુદા બાર વિચારો વિસ્તારથી આપ્યા છે.
૬ વિચારપંચાશિકા-આમાં જુદા જુદા નવ વિચારો વિસ્તારથી આપ્યા છે.
૭ સિદ્ધદંડિકા સ્તવ-એમાં ભરતચક્રીથી શ્રીઅજિતનાથના પિતા સુધીના રાજાઓ કેવી રીતે સિદ્ધ થયા તેનું સંખ્યા સાથે વર્ણન છે. તેના યંત્રો પણ આપ્યા છે.
૮ સિદ્ધપંચાશિકા પ્રકરણ-એમાં સંતપદાદિ દ્વારોવડે સિદ્ધનું સવિસ્તર વર્ણન છે.
૯ પંચનિર્ગ્રંથી પ્રકરણ-આમાં પાંચ પ્રકારના નિર્ગ્રંથના ૩૬ દ્વારો કહેલા છે.
૧૦ નિગોદષટ્ત્રિંશિકા-એમા નિગોદનું સ્વરૂપ બહુ સૂક્ષ્મ રીતે આપ્યું છે.
૧૧ સમવસરણસ્તવ-એમાં સમવસરણનું વિસ્તૃત વર્ણન છે.
૧૨ ક્ષમાકુલક ને ૧૩ ઇંદ્રિયવિકાર નિરોધકુલક-ખાસ ઉપદેશક છે.
૧૪ લોકનાળિકા દ્વાત્રિંશિકા-એમાં લોકનાળિકાનું યંત્રો ને પ્રમાણ સાથે વિવરણ છે.
૧૫ લઘુઅલ્પબહુત્વપ્રકરણ-માત્ર બે ગાથાનું છતાં ચમત્કારી છે.
૧૬ હૃદય પ્રદીપ ષટ્ત્રિંશિકા-સંસ્કૃત પદ્યબંધ છે. એમાં દર્શાવેલ ઉપદેશ તો ખાસ હૃદયમાં દીપક પ્રગટાવી પ્રકાશ આપે તેવો જ છે.

આનું વિશેષ વર્ણન શું કરીએ ? બહુ પ્રયાસપૂર્વક તૈયાર કરેલ આ બુક રોયલ આઠ પેજી ૩૯ ફારમની હોવા છતાં કિંમત માત્ર રૂ. ૧। રાખેલ છે. સુંદર બાઇન્ડીંગથી બંધાવેલ છે. એક વાર મંગાવો, વાંચો ને પછી પત્ર લખી અભિપ્રાય આપો. પોસ્ટેજ છ આના. પ્રકરણોના અભ્યાસી માટે ખાસ ઉપયોગી છે.

મુદ્રક-શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only